RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 21-07-2026 I VOL : 12 I Issue : 126 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

દરેક નવી સવાર નવી તક લઈને આવે છે. હંમેશા આગળ વધતા રહો.

3  જૈશ-એ-મોહમ્મદના આતંકીઓનો ગુજરાતને લોહીલુહાણ કરવાનો...


4  અલ્ટીમેટ ટાઇમ મેનેજમેન્ટ: સમયની ગણતરી અને...

6  ડિઝાઇનિંગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ પર અભિનેત્રી...

7  FIFA 2026: સ્પેને 16 વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યો

## એક નજર...

### એક્ટ્રેસ શ્રદ્ધા દાસે બોડીકોન ડ્રેસમાં ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર



સાઉથ એક્ટ્રેસ શ્રદ્ધા દાસ અવારનવાર પોતાની બોલ્ડ અને હોટ તસવીરો શેર કરતી રહે છે. અભિનેત્રીએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તસવીરો શેર કરી છે.શ્રદ્ધા દાસે બોડીકોન ડ્રેસમાં ગ્લેમરસ ફોટોશૂટ કરાવ્યું છે. અભિનેત્રીનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. શ્રદ્ધા દાસે કેમેરાની સામે કાતિલ પોઝ આપ્યા છે.

### CJPનાં પ્રવક્તાની જે.પી. નડ્ડા સાથે મુલાકાત

# 23 દિવસ બાદ સોનમ વાંગચુકે તોડ્યા ઉપવાસ

## પોલીસે કોકરોચ જનતા પાર્ટીના સમર્થકોને જંતર-મંતર પરથી હટાવ્યા: ત્રણ માંગણીઓ રજૂ કરી

નવી દિલ્હી

સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે સોમવારે પોતાની 23 દિવસ લાંબી ભૂખ હડતાળ સમાપ્ત કરી છે. કેન્દ્રીય મંત્રી JP નડ્ડાએ CJPના પ્રદર્શનકારીઓ સાથે મુલાકાત કર્યા બાદ તેમણે આ નિર્ણય લીધો હતો. જંતર-મંતર પર ઉપવાસ દરમિયાન વાંગચુકનું સ્વાસ્થ્ય બગડતાં 18 જુલાઈએ તેમને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડૉક્ટરોએ તેમના શરીરમાં પાણીની ઉણપ (ડિહાઈડ્રેશન), પોટેશિયમનું ખૂબ નીચું સ્તર અને વધેલા કીટોન લેવલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

વાંગચુક છેલ્લા 23 દિવસથી પોતાની માંગણીઓને લઈને ભૂખ હડતાળ પર હતા. તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી હતી. સોમવારે કેન્દ્રીય મંત્રી JP નડ્ડા સાથે થયેલી ચર્ચા બાદ તેમણે પોતાનો ઉપવાસ સમાપ્ત કરવાનો નિર્ણય લીધો હતો. કોકરોચ જનતા પાર્ટીના આંદોલનકારીઓને જંતર-મંતર પરથી હટાવવામાં આવી રહ્યા છે. મંચ ખાલી કરાવી લેવામાં આવ્યો છે અને તંબુ પણ કાઢી નાખવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને સ્થળ પરથી ભગાડવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સ્થળ પર જબરદસ્ત લાઠીચાર્જ થયો. બીજી તરફ, સીજેપીનો



દાવો છે કે અભિજીત દીપકેને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. જોકે, પોલીસે તેનો ઈનકાર કર્યો છે. દીપકેએ તમામ સાંસદોને વિદ્યાર્થીઓના સમર્થનમાં ઊભા રહેવાની અપીલ કરી છે. આ પહેલાં, CJPના સમર્થકો સોમવારે સંસદ ભવન નજીક પહોંચી ગયા હતા. પ્રદર્શનકારીઓએ સંસદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ સંસદની સુરક્ષા વધારી દેવામાં આવી છે. મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવ્યો. પોલીસે પ્રદર્શનકારીઓને રોકવા માટે ટીયર ગેસ છોડ્યા.

# રામમંદિરમાં ચોરી-પેપર લીક મામલે સંસદમાં હોબાળો

## ખડગેએ કહ્યું- જંતર-મંતર પર લાઠીચાર્જથી બાળકોનો અવાજ દબાવી રહી છે સરકાર

નવી દિલ્હી

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરી શરૂ થઈ. જોકે વિપક્ષ પેપર લીક મામલાને લઈને હોબાળો કરી રહ્યો છે. વિપક્ષી સાંસદોના પોસ્ટર બેનર લહેરાવવા પર સ્પીકરે વાંધો ઉઠાવ્યો. લોકસભા અડધા કલાક માટે ફરી સ્થગિત કરી દેવામાં આવી. બપોરે 3 વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોના હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી. મોન્સૂન સત્રના પહેલા દિવસે રાજ્યસભામાં NEET પેપર લીકનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું- જંતર-મંતર પર વિદ્યાર્થીઓ ભેગા થયા, તેમનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. સરકારે તેમના પર લાઠીચાર્જ કર્યો. વિપક્ષના હોબાળાને કારણે બંને ગૃહની કાર્યવાહી લોકસભા-રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી. સંસદની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ હતી. સત્ર શરૂ થયાના થોડા સમય બાદ વિપક્ષ પેપર લીકના મુદ્દે હોબાળો કર્યો. વિપક્ષના નેતાઓએ NEET-UG પેપર લીક અને રામ મંદિર દાન ચોરી સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરી. ઘણા સાંસદો પોસ્ટર, બેનરો લઈને હોબાળો કરતા વેલ સુધી પહોંચી ગયા હતા.

# ભારતમાં પહેલી ડેન્ગ્યુ રસી QDENGAને મંજૂરી

## કોઈપણ તપાસ વિના 4 થી 60 વર્ષ સુધીના લોકો ડોઝ લઈ શકશે, દેશમાં જ બનશે

નવી દિલ્હી

ભારતમાં પહેલીવાર ડેન્ગ્યુની રસીને મંજૂરી મળી ગઈ છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ તાકેડા બાયોફાર્માસ્યુટિકલ્સ ઈન્ડિયાની રસી QDENGAને બજારમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીધી છે. કંપનીના જણાવ્યા




અનુસાર, આ રસી ચારથી 60 વર્ષ સુધીના લોકોને આપી શકાશે. તેને લેતા પહેલા એ તપાસ કરાવવાની જરૂર નહીં પડે કે વ્યક્તિ પહેલા ક્યારેય ડેન્ગ્યુથી સંક્રમિત થયો હતો કે નહીં. ભારતમાં મળેલી મંજૂરી તાકેડાના વૈશ્વિક ક્લિનિકલ ડેવલપમેન્ટ પ્રોગ્રામના આધારે આપવામાં આવી છે. આ અંતર્ગત ફેઝ-I, ફેઝ-II અને ફેઝ-III ના કુલ 19 ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યા, જેમાં 28 હજારથી વધુ લોકોએ ભાગ લીધો. QDENGAના બે ડોઝ આપવામાં આવે છે. દરેક ડોઝ 0.5 મિલીલીટરનો હોય છે અને ત્વચાની નીચે ઈન્જેક્શન દ્વારા આપવામાં આવે છે. બંને ડોઝ વચ્ચે ત્રણ મહિનાનું અંતર રાખવામાં આવે છે. 'ક્યુડેંગા' (TAK-003) ખરેખર જાપાની કંપની 'ટાકેડા'ની શોધ છે, પરંતુ આપણા માટે સૌથી મોટી રાહતની વાત એ છે કે 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ તેનું મોટા પાયે ઉત્પાદન દેશમાં જ થશે. આ માટે ટાકેડાએ હૈદરાબાદની જાણીતી ફાર્મા કંપની 'બાયોલોજિકલ ઈ' સાથે કરાર કર્યો છે. ભારતમાં જ બનવાને કારણે તેનો પુરવઠો ઝડપી અને કોઈપણ અવરોધ વિના થશે. હજુ તેની ચોક્કસ કિંમતની જાહેરાત થવાની બાકી છે, પરંતુ કારણ કે તે આપણા પોતાના દેશમાં જ બનશે, તેથી એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે તે સામાન્ય લોકોના ખિસ્સા પર વધુ ભારે નહીં પડે. બજારમાં લોન્ચ થયા પછી, સાવચેતીના ભાગરૂપે શરૂઆતના 6 મહિના સુધી લોકો પર તેની અસરનું સંપૂર્ણ નિરીક્ષણ પણ કરવામાં આવશે. ભારત વિશ્વમાં ડેન્ગ્યુથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં શામેલ છે તાકેડા અનુસાર, ભારત વિશ્વમાં ડેન્ગ્યુથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં શામેલ છે.

## NEWS TRACK

### ઈરાનના હુમલામાં વધુ 3 અમેરિકન સૈનિકોએ જીવ ગુમાવ્યા, ટ્રમ્પની હુમલાની ધમકી

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયો છે. ઉત્તરી ઈરાકમાં ઈરાની ડ્રોનના અવિસ્ફોટિત બોમ્બ (Unexploded Ordnance) ને નિષ્ક્રિય કરતી વખતે થયેલા વિસ્ફોટમાં એક અમેરિકન સૈનિકનું મોત નીપજ્યું છે અને એક જવાન ગંભીર રીતે ઘવાયો છે. આ ઘટનાથી ક્રોધે ભરાયેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ યુએસ સેનાએ ઈરાનના અનેક મહત્ત્વપૂર્ણ સૈન્ય ઠેકાણા પર ભીષણ હવાઈ હુમલા ઝીંકી દીધા છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ રવિવારે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, 18 જુલાઈના રોજ ઉત્તરી ઈરાકમાં તોડી પાડવામાં આવેલા ઈરાનના 'વન-વે એટેક ડ્રોન'ના વિસ્ફોટક સાધનોને નિયંત્રિત રીતે નષ્ટ કરવાની કામગીરી દરમિયાન આ દુર્ઘટના ઘટી હતી. આ ઘટના સાથે જ છેલ્લા 5 મહિનાથી ચાલી રહેલા આ યુદ્ધમાં જીવ ગુમાવનારા અમેરિકી સૈનિકોની સંખ્યા વધીને 17 થઈ ગઈ છે. CENTCOM અનુસાર, સૈનિકોની ઓળખ હાલ ગુપ્ત રાખવામાં આવી છે.

### પેરુમાં 5.5ની તીવ્રતાનો ભયાનક ભૂકંપ, 5 લોકોના મોત, 300થી વધુ લોકો બેઘર થયા

દક્ષિણ અમેરિકાના પેરુ દેશમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. પેરુના એન્ડીઝ પર્વતીય વિસ્તારમાં આવેલા એક શક્તિશાળી ભૂકંપના કારણે ભારે તબાહી મચી છે. અધિકારીઓએ રવિવારે આપેલી માહિતી અનુસાર, આ કુદરતી આપત્તિમાં 5 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે 20થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ભૂકંપ એટલો તીવ્ર હતો કે તેના કારણે અનેક લોકોએ પોતાના ઘર ગુમાવ્યા છે અને હાલમાં 300થી વધુ લોકો બેઘર થઈ ગયા છે. યુએસ જિઓલોજિકલ સર્વે (USGS)ના રિપોર્ટ પ્રમાણે, શનિવારે રાત્રે 9:24 વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.5 નોંધાઈ હતી.

આ ભૂકંપનું કેન્દ્રબિંદુ હુઆનકાયો પ્રાંતના સિકાયા શહેરથી બે કિલોમીટર પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમમાં જમીનથી માત્ર 10 કિલોમીટરની ઊંડાઈએ હતું. ઓછા ઊંડાણને કારણે ભૂકંપના આંચકા ખૂબ જ તીવ્ર અને વિનાશક સાબિત થયા હતા.

# કરજણ APMC ચૂંટણી રદ: 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના ધડાકાથી સત્તાના સિંહાસનો ડોલી ગયા!

## પદમોહ, ભ્રષ્ટાચાર અને મનમાની સામે ખેડૂત શક્તિ અને 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ઐતિહાસિક જીત; ભાજપમાં ફફડાટ, હારના ખૌફથી ચૂંટણી રદ કરવાનો ખેલ!

કરજણ, ખાસ પ્રતિનિધિ:

જેનો ડર સત્તાધીશોને હતો, આખરે એ જ થયું! કરજણ ખેતી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) માં ચાલતી પદમોહની ગંદી રાજનીતિ, કૌભાંડો અને કૂટનીતિ પર 'પાક્કો ગુજરાત ન્યૂઝ' એ જ્યારે સત્યનો કોરડો વીંઝ્યો, ત્યારે આખા વડોદરા જિલ્લા ભાજપમાં ખળભળાટ મચી ગયો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા ચલાવવામાં આવેલા સણસણતા અહેવાલોનો એવો ઘાતક પડઘો પડ્યો કે ભાજપના મોવડીમંડળ અને સત્તાધીશોના પગ તળેથી જમીન ખસી ગઈ અને આખરે કરજણ APMC ની ચૂંટણી રદ કરવાની ફરજ પડી છે. આ નિર્ણય માત્ર ચૂંટણીનું સ્થગિત થવું નથી, પરંતુ ખેડૂતોનું લોહી ચૂસવા માંગતા ભ્રષ્ટ માનસિકતા ધરાવતા નેતાઓ સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' અને કરજણના ખૂટતી કડીઓ સામે લડતા જાગૃત ખેડૂતોની જ્વલંત જીત છે!

### 'એક વ્યક્તિ, એક પદ'ના સિદ્ધાંતોના ચૌટા વચાળે ધજાગરા!

ભાજપ હાઈકમાન્ડ મંચ પરથી 'એક વ્યક્તિ, એક પદ' અને પક્ષની શિસ્તના મોટા-મોટા ભાષણો આપે છે, પરંતુ વડોદરા જિલ્લા ભાજપમાં આ નિયમોને કચરાપેટીમાં પધરાવી દેવાયા હોય તેમ લાગે છે.

વડોદરા જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી તરીકે અડિંગો જમાવીને બેઠેલા જયદીપ ચૌહાણ પહેલેથી જ કરજણ APMC ના ચેરમેન પદ પર કબજો જમાવીને બેઠા છે. છતાં પણ, પદનો એવો અંધાપો છવાયો છે કે તેમણે ફરી એકવાર APMC ચેરમેન પદ માટે પોતાની દાવેદારી ઠોકી બેસાડી!

પક્ષના નિયમો ક્યાં ગયા?


શિસ્તની વાતો ક્યાં ગઈ?

### શું ભાજપના જ કેટલાક હોદ્દેદારો માટે પક્ષના કાયદા કોઈ માયને નથી રાખતા?

સત્તાના ભૂખ્યા નેતાઓની આ મનમાની જોઈને ભાજપના નિષ્ઠાવાન કાર્યકરો પણ અંદરખાનેથી થૂ-થૂ કરી રહ્યા છે. મોર્ડન કંપનીમાં કરોડોનું કૌભાંડ: ધમધમતી કંપનીને રસ્તા પર લાવી દીધી! જયદીપ ચૌહાણનો ભૂતકાળ કોઈથી છૂપો રહ્યો નથી. ભૂતકાળમાં મોર્ડન કંપનીમાં થયેલા કરોડો રૂપિયાના નાણાકીય ભ્રષ્ટાચાર અને કૌભાંડના કાળા ડાઘ તેમના પર લાગેલા છે. એક સમયે ધમધમતી અને હજારો પરિવારને રોજીરોટી આપતી મોર્ડન કંપની આ ભ્રષ્ટાચારના બલિદાને ચડી ગઈ, આખી કંપની બંધ થઈ ગઈ અને અંતે તેને કપાત ભાવે વેચાઈ જવાની નોબત આવી હતી! હવે કરજણનો ખેડૂતો પૂછી રહ્યો છે: 'જે વ્યક્તિ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર આચરીને એક આખી કંપનીને ડૂબાડી શકે, જેણે કંપનીને તાળાં મરાવી દીધા, તેના હાથમાં ખેડૂતોના લોહી-પસીનાથી અને મહેનતથી ચાલતા APMC ની તિજોરીની ચાવીઓ સોંપવી એટલે શિયાળને મરઘાઘરની ચોકી સોંપવા જેવું નથી?'

### ખેડૂતોનો રણકાર: "શું ભાજપ પાસે કોઈ સાચો 'ખેડૂત પુત્ર' નથી?"

કરજણના રોષે ભરાયેલા ખેડૂતોએ આ વખતે ભાજપના પ્રદેશ મોવડીમંડળને સીધા અને ઘાતક પ્રશ્નો પૂછીને ભીંસમાં લીધા છે: 1. શું કમલમમાં દુષ્કાળ પડ્યો છે? લાખો કાર્યકરોનો દાવો કરતી ભાજપ પાસે શું કોઈ એક પણ સ્વચ્છ, પ્રમાણિક અને બેડાઘ છબી ધરાવતો ઉમેદવાર નથી? 2. ખેડૂત પુત્રનો અનાદર કેમ? શા માટે કોઈ સાચા ખેડૂત પુત્રને APMC નું સુકાન સોંપવામાં નથી આવતું? શું ખેડૂતોના નામે રાજનીતિ કરનારાઓને ખેડૂતોના દીકરાઓ પર વિશ્વાસ નથી? 3. દાઘી જ કેમ વારંવાર પસંદ? વારંવાર વિવાદિત, ભ્રષ્ટ



જયદીપસિંહ વિજયસિંહ ચૌહાણ

મૂળ વતની બામણ ગામ

અને જમીનથી કપાયેલા ચહેરાઓને જ કેમ મેન્ડેટ આપવાની પેરવીઓ કરવામાં આવે છે? ખેડૂતોની આખરી ચિમકી: ખેડૂતોએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે જો કોઈ યોગ્ય, લાયક અને ખેડૂત પુત્રને મેન્ડેટ આપવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં કરજણની ધરતી પરથી એવું ઉગ્ર આંદોલન શરૂ થશે જે ગાંધીનગર સુધી ધ્રુજારી લાવશે. એટલું જ નહીં, આવનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતાઓને ગામડાઓમાં ઘૂસવા નહીં દેવાય અને ખેડૂતો ખુલ્લેઆમ ભાજપનો બહિષ્કાર કરશે.

### પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અને જિલ્લા પ્રમુખ ભરમભટ્ટની ભૂમિકા શંકાના ઘેરામાં!

હવે સમગ્ર ગુજરાતના રાજકારણની નજર ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ પર મંડાયેલી છે. શું જગદીશ પંચાલ પોતાના 'એક વ્યક્તિ, એક પદ'ના નિયમનું પાલન કરાવશે? શું કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપો ધરાવતા નેતાઓ સામે આકરાં પગલાં લેશે કે પછી કમળની છાપ પાછળ આવા નેતાઓને છાવરવામાં આવશે? બીજી તરફ, વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ ભરમભટ્ટની સંગઠનાત્મક નિષ્ફળતા ચૌટા વચાળે ઉઘાડી પડી ગઈ છે. જિલ્લામાં શિસ્તના નામે મીંડું છે અને જૂથવાદ ચરમસીમાએ છે. પક્ષમાં શિસ્ત જાળવવામાં જિલ્લા પ્રમુખ તદ્દન ફ્લોપ સાબિત થયા છે.

### હારના ખૌફથી ચૂંટણી રદ કરવાનો 'માસ્ટરપ્લાન'?

રાજકીય વિશ્લેષકોના મતે, જો કરજણ APMC ની ચૂંટણી યોજાઈ હોત, તો ખેડૂતોનો રોષ અને ભાજપનો આંતરિક અસંતોષ જયદીપ ચૌહાણને ધૂળ ચાટતા કરી દેત. હાર ભીંત પર લખાયેલી દેખાતી હતી અને પક્ષનો આંતરિક જૂથવાદ રસ્તા પર આવી જાય તેમ હતો. બસ, આ જ પરાજયના ડરથી, પોતાની આબરૂ બચાવવા માટે સત્તાધીશોએ રાતોરાત ચૂંટણી રદ કરવાનો ડ્રામા રચી કાઢ્યો છે!

### સત્ય ઝૂકશે નહીં - 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આભાર સંદેશ

ખેડૂતોના હક, શોષણ સામેનો અવાજ અને સત્યની આ લડાઈમાં 'પાક્કો ગુજરાત ન્યૂઝ' હંમેશાં ઢાલ બનીને ઊભું રહ્યું છે અને રહેશે. અમારા અહેવાલો પર ભરોસો મૂકી, સત્યનો સાથ આપનારા 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના લાખો વાચકો અને કરજણના વિરુદ્ધમાં અવાજ ઉઠાવનારા તમામ ખેડૂત ભાઈઓનો અમે દિલથી આભાર માનીએ છીએ.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## 'આજે ગુંડા મારો પીછો કરે છે', 'પપ્પા, વહેલા જમવા આવજો' કહીને દીકરી અને પત્નીએ જ રચી પિતાની હત્યાની ખોફનાક સ્ક્રિપ્ટ!

**મહેસાણા/વિજાપુર**

સંબંધોને તાર-તાર કરી નાખતી અને કાળજું કંપાવી દે તેવી એક ભયાનક ઘટના મહેસાણા જિલ્લાના વિજાપુરમાંથી સામે આવી છે. જે પાટીદાર અધિકારી કે પિતાએ પોતાની દીકરી અને પત્ની માટે જીવન ઘસી નાખ્યું, તે જ ઘરના સભ્યોએ મળીને તેમની અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાખી! બહારના ગુંડાઓ કે અજાણ્યા તત્વો પર દોષનો ટોપલો ઢોળવા માટે રચાયેલી આ ખોફનાક સ્ક્રિપ્ટનો મહેસાણા પોલીસે ચાલાકીપૂર્વક પર્દાફાશ કરીને પત્ની અને દીકરીના કાળા કરતૂતો ખુલ્લા પાડ્યા છે. વિજાપુરના પાટીદાર પરિવારમાં બનેલી આ ઘટનામાં શરૂઆતમાં એવું ચિત્ર ઊભું કરવામાં આવ્યું હતું કે જાણે કોઈ અજાણ્યા ગુંડાઓએ આ હત્યાને અંજામ આપ્યો હોય. દીકરીએ પિતાને ફોન અને મેસેજ કરીને એવું નાટક રચ્યું હતું કે, 'પપ્પા, આજે કેટલાક ગુંડાઓ મારો પીછો કરી રહ્યા છે...' એટલું જ નહીં, પિતાનો વિશ્વાસ જીતવા અને તેમને કોઈ શંકા ન જાય તે માટે 'પપ્પા, સાંજે વહેલા જમવા આવજો' કહીને ઘર તરફ બોલાવ્યા હતા.

પિતાને કલ્પના પણ નહોતી કે જે દીકરી અને પત્ની માટે તેઓ ઘરે જઈ રહ્યા છે, ત્યાં મરણ નોતરાઈ રહ્યું છે!

## પાપીનો આખરી અંજામ! સાડા ચાર વર્ષની માસૂમ બાળકીના હત્યારાનો આણંદ પોલીસે કર્યો ખેલ ખતમ...!

**આણંદ**

સાડા ચાર વર્ષની નિર્દોષ પરી જેવી બાળકીનું અપહરણ કરી, કથિત દુષ્કર્મ ગુજારી તેને રેલવે ટ્રેન નીચે ફેંકી દેનારા નરાધમ સુરેશ પરમારને તેની કરતૂતોનો આખરી હિસાબ મળી ગયો છે. આણંદ LCB અને પોલીસે દર્શાવેલી ત્વરિત કાર્યવાહી અને બહાદુરીના કારણે આ પાપીનો અંત હોસ્પિટલ પહોંચતા પહેલા જ થઈ ગયો છે. ગઈ ૧૮ જુલાઈના રોજ વાસદ રેલ્વે સ્ટેશન પર માતા-પિતાની પડખામાં શાંતિથી સૂતેલી સાડા ચાર વર્ષની કાળજાના ટુકડા જેવી માસૂમ બાળકીને રાત્રિના અંધારામાં સુરેશ પરમાર નામનો નરાધમ ઉપાડી ગયો હતો. આ પાપીએ બાળકી સાથે કથિત દુષ્કર્મ આચરીને તેને ચાલુ ટ્રેન નીચે ફેંકી દઈ અત્યંત નિર્મમ રીતે હત્યા કરી નાખી હતી. ઘટનાની ગંભીરતા જોઈ બોરસદ ગ્રામીણ પોલીસ અને રેલ્વે પોલીસે CCTV ફૂટેજ ખંખોળ્યા હતા, જેમાં આ નરાધમ નજરે પડતા પોલીસે ગણતરીના કલાકોમાં જ મુખ્ય આરોપી સુરેશ પરમારને દબોચી લીધો હતો.

ઘટના ત્યારે વધુ નાટકીય બની જ્યારે પોલીસની ટીમ આરોપી સુરેશ પરમારને લઈને આણંદ LCB કચેરી તરફ જઈ રહી હતી. રસ્તામાં શાતિર આરોપીએ વાહનમાં જ ઉલ્ટી થવાનું નાટક કર્યું અને ગાડી રોકાવી હતી. ગાડી રોકાતા જ આરોપીએ અગાઉથી સંતાડી રાખેલા તીક્ષ્ણ ચપ્પુ વડે અચાનક જ પોલીસ ટીમ પર પ્રાણઘાતક હુમલો કરી દીધો હતો! આ અચાનક થયેલા હુમલામાં બે બહાદુર પોલીસકર્મીઓ મહિપાલસિંહ અને રાજવીરસિંહ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

પોલીસ પર હુમલો કર્યા બાદ આરોપીએ અંધારાનો લાભ ઉઠાવીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. સ્થિતિની ગંભીરતા જોઈ PSI રાણાએ આરોપીને વારંવાર સરેન્ડર થવાની અને રોકાઈ જવાની ચેતવણી આપી હતી.

## વડોદરામાં પાર્સલના ગોડાઉનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરી

**વડોદરા**

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમા ડેરી ડેન સર્કલ નજીક આવેલા પાર્સલના ગોડાઉનમાં સોમવારે વહેલી સવારે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સવારે આશરે પાંચ વાગ્યે લાગેલી આગ ગોડાઉનમાં રહેલા પાર્સલ અને અન્ય સામાનને કારણે ઝડપથી ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં દાંડિયા બજાર ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. વડોદરાના ડેરી ડેન સર્કલ નજીક આવેલા પાર્સલના ગોડાઉનમાં સવારે આશરે પાંચ વાગ્યે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. ગોડાઉનમાં મોટી માત્રામાં પાર્સલ અને અન્ય જ્વલનશીલ સામાન પડ્યો હોવાથી આગે થોડી જ વારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગની જાણ થતાં દાંડિયા બજાર ફાયર સ્ટેશનના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. સમયસર કામગીરીના કારણે આગ નજીકના અન્ય સ્થળોએ ફેલાતી અટકાવવામાં સફળતા મળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ વ્યક્તિ દાઝી હોવાની કે જાનહાનિ થયાની માહિતી સામે આવી નથી. જોકે ગોડાઉનમાં રહેલા પાર્સલ અને અન્ય સામાન આગની ઝપેટમાં આવી સંપૂર્ણપણે બળી જતાં ભારે આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## 'એન્જોય કરવા માટે બંગલે જવું છે' : મહિલા કોર્પોરેટરના પતિ પાસેથી ચાવી લઈ શરૂ કરાયું હાઈપ્રોફાઈલ જુગારધામ

**વાંકાનેર**

મોરબી જિલ્લાના વાંકાનેરમાંથી એક હાઈપ્રોફાઈલ જુગારધામનો પર્દાફાશ થયો છે. 'એન્જોય કરવા માટે બંગલે જવું છે' તેમ કહીને મિત્રના મિત્રે મહિલા કોર્પોરેટરના પતિ પાસેથી બંગલાની ચાવી મેળવી હતી અને ત્યાં મોટું જુગારધામ શરૂ કરી દીધું હતું. જોકે, આ અંગેની બાતમી મળતા જ રાજકોટ રેન્જ IGની ટીમે દરોડો પાડીને રમતા 9 જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. મુદ્દામાલ જપ્ત: પોલીસ રેડ દરમિયાન સ્થળ પરથી રોકડ રકમ, વૈભવી કાર, મોબાઈલ ફોન સહિત કુલ 44.76 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. મહિલા કોર્પોરેટરના પતિની સંડોવણી: પ્રાથમિક માહિતી મુજબ, આ બંગલો મહિલા કોર્પોરેટરનો છે. તેમના પતિ પાસે 'એન્જોય કરવા'ના બહાને ચાવી મંગાઈ હતી, જેનો ઉપયોગ જુગારધામ ચલાવવા માટે કરવામાં આવ્યો હતો. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી રેન્જ IGની સ્પેશિયલ ટીમે આ મિશન પાર પાડતા સમગ્ર વિસ્તારના જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો.

### દહેજ ખાતે 2153 કરોડના ડ્રગ્સનો સફાયો!

# નશામુક્ત ગુજરાતના સંકલ્પને વધુ મજબૂતી આપતું ઐતિહાસિક પગલું..!



## ડ્રગ્સ માફિયાઓ સામે રાજ્ય સરકાર અને ગુજરાત પોલીસની લાલ આંખ; ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં વિપુલ પ્રમાણમાં જપ્ત થયેલા નાર્કોટિક્સનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરાયો

**ગાંધીનગર/દહેજ**

રાજ્યને સંપૂર્ણપણે નશામુક્ત બનાવવા અને યુવાધનને ડ્રગ્સના દૂષણથી બચાવવા માટે ગુજરાત સરકારે વધુ એક ઐતિહાસિક અને પ્રશંસનીય કદમ ઉઠાવ્યું છે. રાજ્ય સરકારની ડ્રગ્સ વિરુદ્ધની 'ઝીરો ટોલરન્સ' નીતિને વધુ એક વખત સાબિત કરતા દહેજ ખાતે ગુજરાત પોલીસે વિવિધ દરોડા અને કાર્યવાહીઓ દરમિયાન જપ્ત કરેલા અંદાજિત રૂ. ૨૧૫૩ કરોડના નાર્કોટિક્સનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કર્યો છે.

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહી માત્ર નશીલા પદાર્થોના જથ્થાનો નાશ નથી, પરંતુ આપણા યુવાનોના સપનાંઓને સુરક્ષિત રાખવાનો અને આગામી પેઢીને સ્વસ્થ, સશક્ત તથા ઉજ્જવળ ભવિષ્ય આપવાનો મજબૂત સંકલ્પ છે. ગુજરાતને સંપૂર્ણપણે ડ્રગ્સ-ફ્રી બનાવવાના લક્ષ્યાંક સાથે રાજ્ય સરકારે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF)ની રચના કરી છે. ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને જડમૂળથી તોડી પાડવા માટે રાજ્યભરમાં ૬ નવા ઝોનલ યુનિટ્સ પણ કાર્યરત કરી દેવામાં આવ્યા છે. દરિયાઈ સરહદ હોય કે આંતરરાજ્ય સીમાઓ, ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતત, સુનિયોજિત અને કડક કાર્યવાહી હાથ ધરીને નશીલા પદાર્થોના સપ્લાય ચેઈનને તોડી રહી છે.

ડ્રગ્સના વેપાર સાથે જોડાયેલા તત્વો સામે ગુજરાત પોલીસનું સર્ચ ઓપરેશન અને દંડનાત્મક કાર્યવાહી સતત ચાલુ છે. હર્ષ સંઘવીએ સ્પષ્ટ શબ્દોમાં સંદેશ આપ્યો છે કે ગુજરાતની ધરતી પર ડ્રગ્સના કારોબારીઓ માટે કોઈ સ્થાન નથી. ૨૧૫૩ કરોડના ડ્રગ્સનો આટલી મોટી માત્રામાં નાશ કરવો એ બાબતની સાબિતી છે કે ગુજરાત પોલીસ ડ્રગ્સ મુક્ત સમાજ નિર્માણ કરવા માટે કેટલી કટિબદ્ધ છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સંદેશ

સમાજને નશામુક્ત બનાવવાની આ લડાઈ માત્ર સરકાર કે પોલીસની નથી, પરંતુ દરેક નાગરિકની છે. પોતાના ઘર, પરિવાર અને યુવાનોને આ દૂષણથી દૂર રાખવા માટે જનજાગૃતિ પણ એટલી જ જરૂરી છે. ગુજરાત સરકાર અને પોલીસના આ પ્રશંસનીય પગલાંને 'પાક્કો ગુજરાત ન્યૂઝ' બિરદાવે છે અને નશામુક્ત ગુજરાતના સંકલ્પમાં સતત અવાજ ઉઠાવતું રહેશે.

### બૂટલેગરનું કાળું સામ્રાજ્ય જમીનદોસ્ત!

## વડોદરાના કુખ્યાત લાલિયા જયસ્વાલ ઉપર પોલીસનો ગુજસીટોકનો કોડો

### 75 કરોડની મિલકતો જપ્ત કરવા સકંજો કસાયો!

**વડોદરા**

રાજ્યમાં અસમાજિક તત્વો અને બૂટલેગરો સામે ખાખી વર્ધીએ હવે અત્યાર સુધીનું સૌથી મોટું અને આક્રમક ઓપરેશન શરૂ કરી દીધું છે. વડોદરા જિલ્લા પોલીસે ગુનાહિત નેટવર્કનો સફાયો કરવા માટે બનાવવામાં આવેલા કડક કાયદા ગુજસીટોક (GUJCTOC) હેઠળ મોટી કાર્યવાહી કરતા કુખ્યાત બૂટલેગર રાકેશ ઉર્ફે લાલા જયસ્વાલ સહિત ૫ જેટલા સાગરીતો સામે કાયદાનો ગાળિયો મજબૂત કરી દીધો છે.

મળતી ચોંકાવનારી વિગતો મુજબ, આરોપી રાકેશ ઉર્ફે લાલા જયસ્વાલે ગેરકાયદેસર દારૂના કાળા કારોબાર દ્વારા કરોડો રૂપિયાનું સામ્રાજ્ય ઊભું કરી લીધું હતું. પોલીસની તપાસ દરમિયાન આરોપીના બેંક લોકરમાંથી ૧ કિલોથી વધુ સોનું મળી આવતા ખુદ પોલીસ અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. ઝેર જેવા દારૂનો વેપાર કરીને પ્રજાના ઘરો બરબાદ કરનારા આ બૂટલેગરે પોતાના કાળા નાણાં વડે અધધ મિલકતો વસાવી લીધી હતી. વડોદરા જિલ્લા પોલીસે આ ગુનેગારોની કમર ભાંગી નાખવા માટે તેમની આશરે ૭૫ કરોડની બેનામી મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. આ અંગેનો વિગતવાર અહેવાલ અને દરખાસ્ત ગૃહ વિભાગને મંજૂરી અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

પોલીસના રડારમાં આવેલી મુખ્ય મિલકતો: કેલનપુર ખાતે આવેલો પેટ્રોલ પંપ, રતનપુર અને દંતેશ્વર વિસ્તારમાં આવેલી કરોડોની જમીનો, અક્ષર સિટીમાં આવેલું આલીશાન મકાન, અનેક બેંક એકાઉન્ટ્સ અને અન્ય મિલકતો

પાક્કો ગુજરાતના ધાકડ અને સીધા સવાલો:

૧. વર્ષો સુધી દારૂનો કાળો કારોબાર ચલાવીને ૭૫ કરોડની સંપત્તિ બનાવનાર લાલા જયસ્વાલ પર અગાઉના સ્થાનિક અધિકારીઓ શા માટે મૌન હતા?

૨. શું આ બૂટલેગરને સ્થાનિક કક્ષાએ કોઈ ખાખી કે ખાદીધારીના આશીર્વાદ મળેલા હતા?

૩. સોનું અને કરોડોની જમીનો જપ્ત થયા પછી આ નેટવર્કના અન્ય મુખ્ય સૂત્રધારો સુધી તપાસના તાર પહોંચશે કે કેમ? ખાખીનો આ સપાટો દર્શાવે છે કે હવે ગુજરાતમાં ગેરકાયદેસર ધંધા કરીને કાળી કમાણી કરનારા ગુનેગારોની ખેર નથી.

### વડોદરામાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો

## વિધાનસભાના પૂર્વ ઉમેદવારો સહિત વરિષ્ઠ આગેવાનો કોંગ્રેસમાં જોડાયા..!

**અમદાવાદ**

વડોદરા અને સમગ્ર મધ્ય ગુજરાતના રાજકારણમાં આજે એક મોટો ગરમાવો જોવા મળ્યો છે. અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાની પ્રેરક ઉપસ્થિતિમાં આમ આદમી પાર્ટીના વરિષ્ઠ હોદ્દેદારો અને વર્ષ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના ઉમેદવારો વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ ગયા છે.

આમ આદમી પાર્ટીની નીતિઓથી નારાજ અને પાર્ટી જનતાના પ્રશ્નો ઉઠાવવામાં નિષ્ફળ રહી હોવાના આક્ષેપ સાથે આ તમામ નેતાઓએ કોંગ્રેસનો હાથ ઝાલ્યો છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ તમામ આગેવાનોને કોંગ્રેસનો પરંપરાગત તિરંગો ખેસ પહેરાવીને પક્ષમાં ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.




કોંગ્રેસમાં જોડાયેલા મુખ્ય નેતાઓ: વિનય ચૌહાણ: સ્ટેટ પ્રેસિડેન્ટ - એક્સ સર્વિસ વિંગ (AAP), પ્રભારી તથા વર્ષ ૨૦૨૨ના ઉમેદવાર - માંજલપુર વિધાનસભા. શશાંક ખરે: સ્ટેટ જોઈન્ટ સેક્રેટરી (AAP), પ્રભારી તથા વર્ષ ૨૦૨૨ના ઉમેદવાર - અકોટા વિધાનસભા. મનીષ પરમાર: સહ પ્રભારી - વોર્ડ નંબર ૬.

આ પ્રસંગે વાત કરતા કોંગ્રેસ નેતૃત્વએ જણાવ્યું હતું કે, વડોદરાના આ જમીની અને લોકપ્રિય નેતાઓના આવવાથી વડોદરા શહેર સહિત સમગ્ર મધ્ય ગુજરાતમાં કોંગ્રેસનું સંગઠન વધુ મજબૂત અને વેગવંતું બનશે.

કોંગ્રેસનો ખેસ ધારણ કર્યા બાદ આપના પૂર્વ નેતાઓએ જણાવ્યું હતું કે, ભાજપ સરકારની લોકવિરોધી નીતિઓ સામે લડવા અને પ્રજાના અવાજને બુલંદ કરવા માટે માત્ર કોંગ્રેસ જ એકમાત્ર સક્ષમ વિકલ્પ છે. આવનારા દિવસોમાં તેઓ કોંગ્રેસ પક્ષની વિચારધારાને જન-જન સુધી પહોંચાડવા માટે પૂર્ણ નિષ્ઠાથી કાર્ય કરશે.

### સોનમ વાંગચુકજીના સમર્થનમાં અને ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે નીકળેલી

## વિદ્યાર્થીઓની રેલી પોલીસ દ્વારા અટકાવાઈ

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી ખાતે આજે વિદ્યાર્થીઓ દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જાણીતા શિક્ષણવિદ અને સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકજીના સમર્થનમાં તેમજ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિદ્યાર્થીઓએ એક મોટો મોરચો માંડ્યો હતો.

આર્ટ્સ ફેકલ્ટી પાસે આવેલા મહાદેવના મંદિરથી ડી.એન. હોલ સુધી પગપાળા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. હાથમાં વિરોધ દર્શાવતા બેનરો, પ્લેકાર્ડ અને



સરકાર વિરોધી કડક સૂત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રેલી સ્વરૂપે આગળ વધી રહ્યા હતા.

સ્થળ અને રૂટ: આર્ટ્સ ફેકલ્ટી સ્થિત મહાદેવ મંદિરથી શરૂ થઈને ડી.એન. હોલ સુધી વિદ્યાર્થીઓની પગપાળા રેલીનું આયોજન હતું.

મુખ્ય માંગણીઓ: સોનમ વાંગચુકજીના આંદોલનને સમર્થન આપવું અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પદ પરથી રાજીનામું આપે તેવી ઉગ્ર માંગ.

પોલીસ કાર્યવાહી: રેલી આગળ વધતા જ સયાજીગંજ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાના ભાગરૂપે પોલીસે વિરોધ પ્રદર્શન કરી રહેલા તમામ વિદ્યાર્થીઓની અટકાયત કરી હતી.

પોતાના અધિકારો અને આંદોલનના સમર્થનમાં અવાજ ઉઠાવતા યુવા વિદ્યાર્થીઓ અને પોલીસ તંત્ર વચ્ચે આજે કેમ્પસ બહાર ઘર્ષણ જેવો માહોલ સર્જાયો હતો.

પોલીસ દ્વારા કરાયેલી આ અટકાયત બાદ યુનિવર્સિટી કેમ્પસ તેમજ વિદ્યાર્થી વર્ગમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### પ્રમુખ સહિત 11 સભ્યોને જિલ્લા રજિસ્ટ્રારની નોટિસ

## નિશાળિયા દૂધ ઉત્પાદક મંડળી સામે કલમ-86 હેઠળ તપાસ શરૂ

**કરજણ**

કરજણ તાલુકાની નિશાળિયા દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં ઓડિટ દરમિયાન નોંધાયેલી વહીવટી અને નાણાકીય ખામીઓના આધારે જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-86 હેઠળ તપાસની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ સંદર્ભે બરોડા ડેરીના વ્યવસ્થાપક સમિતિના સભ્ય, જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ તથા નિશાળિયા દૂધ ઉત્પાદક મંડળીના પ્રમુખ સતીશ પટેલ સહિત કુલ 11 વ્યવસ્થાપક સમિતિના સભ્યોને તા. 21 જુલાઈ, 2026ના રોજ બપોરે 3:30 વાગ્યે હાજર રહેવા નોટિસ પાઠવવામાં આવી છે. આ ઘટનાથી કરજણ તાલુકા સહિત જિલ્લાના સહકારી ક્ષેત્રમાં ચર્ચાનો માહોલ સર્જાયો છે. મળતી માહિતી મુજબ, સહકારી કાયદામાં થયેલા સુધારા અનુસાર વર્ષ 2022-23માં મંડળીની ચૂંટણી યોજાઈ હતી. વાર્ષિક સામાન્ય સભાના ઠરાવથી તમામ 11 સભ્યો બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા અને હાલ પણ એ જ વ્યવસ્થાપક સમિતિ કાર્યરત છે. ઓડિટ દરમિયાન નોંધાયેલી ખામીઓમાં જણાવાયું છે કે મંડળીના પેટા નિયમ મુજબ વ્યવસ્થાપક સમિતિના સભ્ય માટે વર્ષ દરમિયાન ઓછામાં ઓછું 700 લિટર દૂધ અથવા 180 દિવસ દૂધ ભરવાની શરત ફરજિયાત છે.

## શિક્ષણ એ જ સશક્ત ભવિષ્યનો આધારસ્તંભ! ખેડાના ગુતાલ ગામમાં રીવાબા જાડેજાની પ્રેરણાદાયી પહેલ

### ડ્રોપ આઉટ થયેલા બાળકોના ઘરે પહોંચીને પુનઃ શાળાએ મોકલ્યા!

**નડિયાદ/ખેડા**

'શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પરંતુ જીવનમાં સફળતા અને સશક્ત ભવિષ્યનો મજબૂત આધારસ્તંભ છે.' આ વાક્યને અક્ષરસઃ સાર્થક કરતી એક અત્યંત સરાહનીય અને પ્રેરણાદાયી ઘટના ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ગુતાલ ગામેથી સામે આવી છે.

ગુતાલ ગામ સ્થિત સરકારી માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓએ અચાનક શાળાએ જવાનું બંધ કરી દીધું હતું અને અભ્યાસ છોડી દીધો હતો. જેવી આ બાબતની જાણ રીવાબા જાડેજાને થઈ, કે તુરંત જ તેમણે કોઈ પણ જાતનો વિલંબ કર્યા વગર સીધા આ બાળકોના નિવાસસ્થાને પહોંચવાનો નિર્ણય લીધો. સામાન્ય રીતે નેતાઓ કે હોદ્દેદારો ઓફિસોમાંથી



આદેશો આપતા હોય છે, પરંતુ રીવાબાએ જાતે સ્થળ પર પહોંચીને સંવેદનશીલતાનું એક અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ગામના એ નાના એવા ઘરમાં પહોંચીને રીવાબાએ કોઈ પણ જાતના આડંબર વગર પરિવારજનો અને બાળકો સાથે અત્યંત આત્મીય અને પ્રેમસભર સંવાદ સાધ્યો હતો. તેમણે વાલીઓ સાથે બેસીને તેમની મુશ્કેલીઓ જાણી અને બાળકોના ભવિષ્ય માટે શિક્ષણ કેટલું અનિવાર્ય છે તેની સરળ ભાષામાં સમજણ આપી. તેમણે વાલીઓને પ્રેરણા આપતા જણાવ્યું કે બાળપણમાં શિક્ષણથી વંચિત રહેવું એ આખા ભવિષ્યને અંધકારમાં ધકેલવા સમાન છે.

માસૂમ બાળકોના હાથમાં ફરી આવ્યા પુસ્તકો! રીવાબા જાડેજાના આત્મીય સંવાદ, પ્રેમ અને યોગ્ય માર્ગદર્શનની એવી ઊંડી અસર થઈ કે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ તરત જ સમજાયા. બાળકોના ચહેરા પર ફરી એકવાર ભણવાનો ઉત્સાહ છવાઈ ગયો હતો. વાલીઓએ બાળકોને પુનઃ શાળાએ મોકલવા અને નિયમિત અભ્યાસ કરાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

પાક્કો ગુજરાત
મંગળવાર | 21 જુલાઈ 2026 | અમદાવાદ

### અવાજ વગર જ લાશો ઢાળી દેત આ ઝેરી ગેસ : જૈશ-એ-મોહમ્મદના આતંકીઓનો

# ગુજરાતને લોહીલુહાણ કરવાનો ઘાતક પ્લાન નિષ્ફળ!

**■ છાણ, મકાઈનો લોટ, મટન અને કેમિકલ ભેગું કરીને 15 જ દિવસમાં તૈયાર કરવાનો હતો જૈવિક હથિયાર (બાયો-વેપન); સુરક્ષા એજન્સીઓના ધડાકાથી આતંકી આકાઓ પાયમાલ!**

અમદાવાદ/બનાસકાંઠા

જો સુરક્ષા એજન્સીઓ થોડી પણ મોડી પડી હોત, તો ગુજરાતમાં એવું ભયાનક મૌતનું તાંડવ ખેલાત જેની કલ્પના માત્રથી રૂવાંડા ઊભા થઈ જાય! પાકિસ્તાન પ્રેરિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના આતંકીઓ ગુજરાતની પવિત્ર ધરતીને ઝેરી ગેસના સકંજામાં ધકેલીને હજારો નિર્દોષ લોકોની અવાજ વગર જ લાશો ઢાળી દેવાનો ઘાતક અને રાક્ષસી પ્લાન બનાવી રહ્યા હતા. પરંતુ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના ચોંકાવનારા અહેવાલ મુજબ, દેશની તીક્ષ્ણ નજર ધરાવતી એજન્સીઓએ સમયસર આ કાવતરાનો પર્દાફાશ કરીને ગુજરાત પર તોળાતું મહા-સંકટ ટાળી દીધું છે. તપાસ એજન્સીઓના સણસણતા ખુલાસા મુજબ, જૈશ-એ-મોહમ્મદના આતંકીઓ કોઈ પરંપરાગત બોમ્બ કે બંદૂકથી નહીં, પરંતુ અત્યંત ઘાતક બાયો-કેમિકલ વેપનથી હુમલો કરવાની ફિરાકમાં હતા.

માત્ર ૧૫ જ દિવસની અંદર આ ઝેરી હથિયાર તૈયાર કરી લેવાનો માસ્ટરપ્લાન હતો. આ માટે આતંકીઓ: ગાય-ભેંસનું છાણ, મકાઈનો લોટ અને મટન, અનેક પ્રકારના વિષયી કેમિકલ્સ. આ તમામ વસ્તુઓનું મિશ્રણ કરીને સડાવવાની પ્રક્રિયા દ્વારા એક એવો સાયનાઇડથી પણ ઝેરી ગેસ બનાવવાનો પ્લાન ઘડી રહ્યા હતા, જે હવામાં ભળતાં જ સેકન્ડોમાં માણસના શ્વાસ અધ્ધર કરી દે અને કોઈ ધડાકા કે અવાજ વગર વિષયી ગેસથી હજારો લોકોને મોતને ઘાટ ઉતારી દે!

બનાસકાંઠા સરહદી વિસ્તાર હોવાથી આતંકી આકાઓ ગુજરાતમાં ઘૂસણખોરી અને બાયો-કેમિકલ લેબ ઊભી કરવા માટે આ વિસ્તારનો ઉપયોગ કરવાની ફિરાકમાં હતા. પરંતુ ગુજરાત પોલીસ અને દેશની ગુપ્તચર એજન્સીઓની સતર્કતાએ આતંકીઓના આ ખતરનાક મનસુબા પર પાણી ફેરવી દીધું છે.

આ મોડ્યુલ પાછળ કયા સ્થાનિક સ્લીપર સેલ કે મદદગારો સામેલ હતા, તેને લઈને પણ તપાસ એજન્સીઓએ સકંજો કસ્યો છે અને ગુજરાતના ખૂણે-ખૂણે સર્ચ ઓપરેશન તેજ કરી દીધા છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સણસણતો પ્રહાર : જે દેશ આપણને અન્ન આપે છે, જે ગુજરાત આપણને શાંતિ અને સમૃદ્ધિ આપે છે, એ જ દેશ અને રાજ્ય સામે ઝેર ઓકનારા આતંકીઓ અને તેમના મદદગારો માટે હવે કોઈ દયા દાખવવાનો સમય નથી રહ્યો.

આ કેસ સાબિત કરે છે કે પાકિસ્તાનમાં બેઠેલા આતંકી આકાઓ હવે સીધી લડાઈ લડી શકવાની ઓકાત ધરાવતા નથી, એટલે જ છાણ અને કેમિકલ જેવા ઝેરી નુસખાઓ અપનાવીને ગુજરાતને નિશાન બનાવવાની કાયરતાપૂર્ણ કોશિશ કરી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ પોતાનું કામ કરી જ રહી છે, પરંતુ દેશના અને ગુજરાતના દરેક નાગરિકે પણ હવે આંખો અને કાન ખુલ્લા રાખવાની જરૂર છે. તમારી આસપાસ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિ, કોઈ અજાણ્યા રાસાયણિક સાધનો કે પ્રવૃત્તિ દેખાય તો તરત જ પોલીસને જાણ કરો.



### નકલી ખેડૂત બની જમીન પચાવી પાડવાનો ખેલ ખુલ્લો પડ્યો!

## ભાજપના સિનિયર MLA રમણલાલ વોરાના પરિવારની 7.3 એકર જમીન સરકારે જપ્ત કરી!

ગાંધીનગર

રાજ્યમાં ભાજપના સિનિયર નેતા, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય રમણલાલ વોરાના પરિવાર સાથે જોડાયેલો એક મોટો અને ચોંકાવનારો ભૂમાફિયા ખેલ ખુલ્લો પડ્યો છે! નકલી ખેડૂત બનીને કરોડો રૂપિયાની કિંમતી જમીન પચાવી પાડવાનું મોટું કૌભાંડ સામે આવતા જ સરકારે આકરી કાર્યવાહી કરીને ૭.૩ એકર જમીન સરકારી શિરે જપ્ત કરી લીધી છે. સત્તાના ઓતરા તળે ચાલતા આ કાળા કારનામાના પર્દાફાશથી રાજ્યના રાજકારણમાં મોટો ભૂકંપ સર્જાયો છે. મળતી સનસનાટીભરી વિગતો મુજબ, કાયદાની આંખમાં ધૂળ નાખીને અને બનાવટી કાગળો ઊભા કરીને અસલ ખેડૂત ન હોવા છતાં નકલી ખેડૂતનું સ્ટેટસ ઊભું કરવામાં આવ્યું હતું. આ નકલી ખેડૂત ખાતાના આધારે કરોડો રૂપિયાની કિંમતી ૭.૩ એકર જમીન પોતાના નામે કરી લેવામાં આવી હતી. તંત્ર પાસે જ્યારે આ મામલાના પુરાવા અને ફરિયાદો પહોંચી ત્યારે તપાસ દરમિયાન કૌભાંડની પરંપરાગત પોલ ખુલ્લી પડી ગઈ હતી. તપાસમાં સામે આવ્યું કે આ જમીન ખરીદવા અને ખેડૂત બનવા માટે રજૂ કરાયેલા દસ્તાવેજો તદ્દન ખોટા અને કાયદા વિરુદ્ધના હતા. આથી મહેસૂલ તંત્ર દ્વારા કડક વલણ અપનાવીને ભાજપ ધારાસભ્યના પરિવાર સાથે જોડાયેલી આ ૭.૩ એકર જમીનને કાયદાકીય જોગવાઈઓ હેઠળ જપ્ત કરીને 'શ્રીસરકાર' (સરકારી હસ્તક) કરવાનો આકરો આદેશ આપી દેવાયો છે.

પાક્કો ગુજરાતના ધાકડ અને સીધા સવાલો:

૧. સામાન્ય નાગરિક નાના કાગળ માટે સરકારી કચેરીઓના ધક્કા ખાય છે, તો ભાજપના સિનિયર નેતાના પરિવારે આટલી સહેલાઈથી નકલી ખેડૂત બનીને જમીન કેમ પચાવી પાડી?

૨. શું સત્તાના જોરે આટલા વર્ષો સુધી કાયદા અને મહેસૂલી તંત્રને અંધારામાં રાખવામાં આવ્યા હતા?

૩. માત્ર જમીન જપ્ત કરવાથી ન્યાય મળી ગયો ગણાશે કે પછી આ કૌભાંડ આચરનારા અને નકલી દસ્તાવેજો બનાવનારાઓ સામે ફોજદારી ગુનો નોંધીને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવશે?

### બનાસકાંઠામાં બૂટલેગરોના કાળા કારનામાનો પર્દાફાશ

## કાણોદરના ઉમરદશી બ્રિજ પરથી વિદેશી દારૂ ભરેલું પિકઅપ ડાલું ઝડપાયું: રૂપિયા 3.58 લાખનો દારૂ જપ્ત!

પાલનપુર/બનાસકાંઠા

રાજસ્થાનની સરહદ પરથી ગુજરાતમાં દારૂ ઘૂસાડતા બૂટલેગરોના મનસૂબા પર પાલનપુર તાલુકા પોલીસે પાણી ફેરવી દીધું છે. પાલનપુર-અમદાવાદ હાઈવે પર આવેલ કાણોદર ગામ નજીક ઉમરદશી બ્રિજ પર પોલીસે ફિલ્મી ઢબે નાકાબંધી ગોઠવીને વિદેશી દારૂની હેરાફેરી કરતા એક પિકઅપ ડાલાને ઝડપી પાડ્યું છે.



પોલીસને સચોટ બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને એક પિકઅપ ડાલું મહેસાણા તરફ જઈ રહ્યું છે. બાતમીના આધારે પોલીસે ઉમરદશી બ્રિજ પર વોચ ગોઠવી હતી. શંકાસ્પદ ડાલું આવતા જ તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. પ્રથમ દ્રષ્ટિએ ડાલું ખાલી લાગતું હતું, પરંતુ શાતિર દિમાગે ડાલામાં જ એક વિશેષ ગુપ્ત ખાનું (ગુપ્ત ચોરખાનું) બનાવ્યું હતું!

જ્યારે પોલીસે આ ગુપ્ત ખાનું ખોલ્યું ત્યારે ખુદ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ ખાનામાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૧૪૫૯ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ. ૩,૫૮,૦૦૦ થાય છે. પોલીસે દારૂનો જથ્થો અને પિકઅપ ડાલું મળીને કુલ રૂપિયા ૮.૬૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સ્થળ પરથી જ ડાલાના ડ્રાઈવર દેવારામ જુજાજી પનાજી ચૌધરી (રહે. મેરમાંડવાડા, તા. સિરોહી, રાજસ્થાન)ની અટકાયત કરવામાં આવી છે.

## ગુજરાતને રક્તરંજિત કરવાનું મોટું ષડયંત્ર નિષ્ફળ : ખેડા સરહદેથી હથિયારો અને કારતૂસના જથ્થા સાથે 3 તસ્કરો ઝડપાયા!

ખેડા

રાજ્યમાં ગેરકાયદેસર શસ્ત્રો ઘૂસાડીને ભયનો માહોલ ઊભો કરવાના એક મોટા મનસૂબા પર સેવાલીયા પોલીસે પાણી ફેરવી દીધું છે. ખેડા જિલ્લાની સરહદ પર આવેલી મહારાજના મુવાડા ચેકપોસ્ટ પરથી પોલીસે ફિલ્મી ઢબે દરોડો પાડીને ગેરકાયદેસર હથિયારો અને જીવતા કારતૂસના મોટા જથ્થા સાથે સૌરાષ્ટ્રના ત્રણ આરોપીઓને રસ્તામાં જ દબોચી લીધા છે. મળતી સચોટ વિગતો અનુસાર, સેવાલીયા પોલીસ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગમાં હતી ત્યારે એક શંકાસ્પદ સ્વિફ્ટ કાર (નંબર: GJ-03-PR-5063) પૂરપાટ ઝડપે આવી પહોંચી હતી. પોલીસે કારને રોકીને કડક પૂછપરછ સાથે અંદર તલાશી લેતા જ ખુદ




પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કારની અંદરથી ઘાતક શસ્ત્રોનો એવો જથ્થો મળ્યો જે સામાન્ય રીતે કોઈ મોટા અંડરવર્લ્ડ કે ગુનાહિત નેટવર્ક પાસે જોવા મળે છે. પોલીસે સ્થળ પરથી જ જૂનાગઢના જોશીપુરા વિસ્તારના આશિષ પાટડીયા, જૂનાગઢના શશાંક રાજપુત અને રાજકોટના પ્રવીણ વાળાની અટકાયત કરી લીધી હતી.

### આખરે તંત્ર અને શાસકો શું છુપાવી રહ્યા છે?

## રાજકોટ RMC સામાન્ય સભા કે લોકશાહીનો જનાજો? પ્રજાના સવાલો પર વિપક્ષને બોલતા રોકવાનો ખેલ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા (RMC)ની સામાન્ય સભા ફરી એકવાર સત્તાધારી પક્ષના અહંકાર અને મનસ્વી વર્તનનું મેદાન બની ગઈ છે. શહેરીજનોના કરવેરાના કરોડો રૂપિયા ક્યાં વપરાય છે અને શહેરની વિકટ સમસ્યાઓનું શું થયું તે અંગે જ્યારે સવાલો પૂછવાનો સમય આવ્યો, ત્યારે લોકશાહીના ધજાગરા ઉડાવતા દ્રશ્યો સામે આવ્યા છે. પાક્કો ગુજરાત સીધો સવાલ પૂછે છે: રાજકોટ RMCમાં લોકશાહી ખતમ થઈ ચૂકી છે? આજની સામાન્ય સભામાં જે રીતે પ્રજાના અવાજ સમાન વિપક્ષી કોર્પોરેટરોને



બોલતા અટકાવવામાં આવ્યા, હોબાળો મચાવીને મિનિટોમાં એજન્ડાઓ પસાર કરી દેવામાં આવ્યા, તે જોઈને સામાન્ય નાગરિક પણ શરમાઈ જાય. સ્માર્ટ સિટીના દાવા કરતી RMCની સામાન્ય સભા માત્ર એક 'રબર સ્ટેમ્પ' બનીને રહી ગઈ છે. જ્યાં ચર્ચા થવી જોઈએ, જ્યાં શહેરના રોડ-રસ્તા, પાણી, ગટર, ભ્રષ્ટાચાર અને બિલ્ડિંગ પ્રિ-મોન્સૂન કામગીરી પર તીખા સવાલો થવા જોઈએ, ત્યાં શાસકોએ સભાને માત્ર એક ઔપચારિકતા બનાવી દીધી છે.

જ્યારે વિપક્ષે પ્રજાના પ્રશ્નો ટેબલ પર મૂકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને સાંભળવાને બદલે સભા બરખાસ્ત કરી દેવાઈ કે પછી અવાજ દબાવી દેવામાં આવ્યો.

પાક્કો ગુજરાતના ધાકડ સવાલો: ૧. જો શાસકોએ કામ ઈમાનદારીથી કર્યું છે, તો પછી સામાન્ય સભામાં વિપક્ષના સવાલોનો સામનો કરવાથી કેમ ડરે છે?

૨. રાજકોટની જનતાએ પોતાના પ્રતિનિધિઓને પોતાના પ્રશ્નો રજૂ કરવા મોકલ્યા છે, તો શું તેમને મૌન કરી દેવા એ જ 'લોકશાહી' છે?

૩. સામાન્ય સભામાં ચર્ચા કર્યા વિના જ કરોડો રૂપિયાના કામો મંજૂર કરી દેવાનો ખેલ ક્યાં સુધી ચાલશે? રાજકોટની પ્રજા બધું જોઈ રહી છે. સામાન્ય સભામાં લોકશાહીના નામે ચાલતો આ નાટક અને વિપક્ષનો અવાજ દબાવવાની નીતિ એ વાતની સાક્ષી પૂરે છે કે તંત્ર પાસે પ્રજાના સવાલોના કોઈ જવાબ નથી.

## અંબાજી ગ્રામ પંચાયત આગળ દબાણ દારોનો અડીંગો

**ટ્રાફિકની સમસ્યાને લઇ જુના દબાણો હટાવાયા હતા,નવાં દબાણો કોને કરાવ્યા? તાલુકા વિકાસ અધિકારી કેમ અજાણ?**



અંબાજી

યાત્રાધામ અંબાજીમાં એક તરફ દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે અંબાજી ગ્રામ પંચાયત આગળ લારી ગલ્લાવાળાઓ પંચાયતની આગળ દબાણો કરીને ટ્રાફિકની સમસ્યા વધારી રહ્યા છે ત્યારે જુના નાકાથી ભૈરવજી મંદિર જવા નો રસ્તો બંધ કરવામાં આવે છે ત્યારે બજારમાં થઈને જે લોકોને પોતાનું વાહન લઈને ઘરે આવું જવું પડતું હોય છે ત્યારે લારી ગલ્લા વાળાઓના દબાણના કારણે યાત્રિકોને પણ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે ત્યારે એક તરફ ટ્રાફિકની સમસ્યા ન થાય તે માટે દબાણો દૂર કરવામાં આવ્યા હતા ત્યારબાદ નવા દબાણદારોને લારી ગલ્લાઓ મુકવા માટે કોને પરમિશન આપી? જો દબાણો નડતા નતા તો જુના દબાણદારો જે વર્ષોથી ભોગવટો ભોગવી રહ્યા હતા તે લોકોને કેમ હટાવવામાં આવ્યા ત્યારે દાંતા ના તાલુકા વિકાસ અધિકારીને જૂના દબાણો દેખાયા પરંતુ આ નવા દબાણદારો ના ગલ્લાઓ કેમ નથી દેખાતા કોના દ્વારા કરવામાં આવ્યા છે.

### ઉના તાલુકામાં ચાંદીપુરા વાયરસનો ભયાનક પંજો!

## સોંદરડી ગામના 5 વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત: આરોગ્ય તંત્રમાં ફફડાટ અને મૌન!

ઉના/ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાંથી એક અત્યંત દુઃખદ અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. ઉનાના સોંદરડી ગામે માત્ર ૫ વર્ષના એક માસૂમ બાળકે દમ તોડી દેતાં સમગ્ર વિસ્તારમાં ભારે શોક અને દહેશતનો માહોલ છવાઈ ગયો છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ માસૂમ બાળકનું મોત ઘાતક અને જીવલેણ ગણાતા 'ચાંદીપુરા વાયરસ'ના કારણે થયું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.



સોંદરડી ગામના આ ૫ વર્ષના બાળકને અચાનક તાવ, ઉલટી અને ખેંચ જેવા લક્ષણો દેખાતા જ પરિવારજનો ચિંતામાં મુકાઈ ગયા હતા. માસૂમને ત્વરિત સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ વાયરસનો પ્રકોપ એટલો ઘાતક હતો કે આ માસૂમ જિંદગીનો દીવો બુઝાઈ ગયો. બાળકનું મોત થતાં જ પરિવારમાં આક્રંદ છવાઈ ગયો છે.

૫ વર્ષના બાળકના કરુણ મોતની જાણ થતાં જ ગીર સોમનાથ જિલ્લા આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે. ચાંદીપુરા વાયરસની શક્યતાઓને પગલે આરોગ્ય વિભાગની ટીમો તુરંત સોંદરડી ગામે દોડી ગઈ હતી. ગામમાં સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે અને બાળકના સેમ્પલ લઈને કન્ફર્મેશન માટે ગાંધીનગર/લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

પાક્કો ગુજરાતના ધાકડ અને આકરા સવાલો:

૧. ચોમાસાની ઋતુમાં નાના બાળકો માટે કાળ સાબિત થતા ચાંદીપુરા વાયરસ અને સંદિગ્ધ તાવ સામે આરોગ્ય તંત્રની આગોતરી તૈયારીઓ ક્યાં હતી?

૨. સોંદરડી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ, ડીડીટી પાવડરનો છંટકાવ અને દવાનો દવાનો ઉપયોગ કેમ સમયસર ન થયો?

૩. શું આરોગ્ય વિભાગ માત્ર મોત થયા પછી જ જાગશે કે પછી અન્ય માસૂમ બાળકોના જીવ બચાવવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરશે?

ચાંદીપુરા વાયરસ રેતીની માખી (Sandfly) થી ફેલાય છે અને ૫ થી ૧૪ વર્ષના બાળકોને ઝડપથી નિશાનો બનાવે છે. પાક્કો ગુજરાત તમામ વાલીઓને અપીલ કરે છે કે પોતાના બાળકોનું ધ્યાન રાખે, ઘરની આસપાસ ગંદકી ન થવા દે અને તાવ કે ખેંચ જેવા લક્ષણો દેખાય તો તુરંત તબીબનો સંપર્ક કરે. પાક્કો ગુજરાત આરોગ્ય વિભાગની કામગીરી પર સતત નજર રાખશે!

## બોટાદ SOG પોલીસે ગઢડાના હોળાયા ગામેથી હાથ બનાવટી દેશી તમંચા સાથે ઈસમને ઝડપી પાડ્યો

બોટાદ, વિપુલ લુહાર

બોટાદ જિલ્લા પોલીસ વડા ધર્મેન્દ્ર શર્માની સુચના તેમજ હેઠળ બોટાદ જિલ્લા SOG ઈન્ચાર્જ PI જી.એમ. પાવરા,PSI એ.એમ.રાવલ તેમજ પોલીસ સ્ટાફ ના યુવરાજસિંહ પરમાર, અજયસિંહ ગોહિલ, પરાક્રમસિંહ ઝાલા,જામસંગભાઈ ડોડીયા સહિતના SOG પોલીસ સ્ટાફે ગઢડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ગઢડા તાલુકાના હોળાયા ગામે ગઢડા રોડ ઉપરથી હાથ બનાવટી દેશી તમંચો સાથે એક ઈસમને પોલીસે ઝડપી પાડ્યો છે. SOG પોલીસે 5000 ની કિંમત નો એક દેશી તમંચો,10,000 ની કિંમત નો 1 મોબાઈલ સહીત રૂ.15000 નો મુદ્દામાલ કબજે કરી મુકેશભાઈ ઉર્ફે.હકો. હરેશભાઈ પારેખ રહે.હોળાયા ને ઝડપી લઈ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી છે.




### રાજકારણના આ ગંદેલા ખેલની પોલ ખુલ્લી!

## ભાજપમાંથી ચૂંટણી લડવાની ફરી ભૂલ નહીં કરું! દિગ્ગજ પૂર્વ IPS કિરણ બેદીનો ધડાકો

ગાંધીનગર

દેશના પ્રથમ મહિલા IPS અધિકારી અને પુડુચેરીના પૂર્વ રાજ્યપાલ કિરણ બેદીના એક સનસનાટીભર્યા નિવેદને રાજકીય ગરમાવો લાવી દીદો છે.

ભાજપના ટિકિટ પર ચૂંટણી લડી ચૂકેલા આ કડક અને ઈમાનદાર છાપ ધરાવતા દિગ્ગજ અધિકારીએ જાહેરમાં સ્વીકાર કર્યો છે કે, 'ભાજપમાંથી ચૂંટણી લડવાની ભૂલ હું હવે જિંદગીમાં ફરી ક્યારેય નહીં કરું!' કિરણ બેદીના આ નિવેદને દેશના રાજકારણમાં અને ખાસ કરીને સત્તાધારી પક્ષ ભાજપના ખેમામાં એક મોટો ભૂકંપ સર્જી દીધો છે. વર્ષ ૨૦૧૫ની દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે કિરણ બેદીને પોતાના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા હતા.



એક કડક અધિકારી તરીકે ઓળખાતા કિરણ બેદી પાસેથી ભાજપને મોટી આશાઓ હતી, પરંતુ રાજકારણના આંતરિક ખટપટો અને પક્ષની અંદરના જ રાજકીય સમીકરણોને કારણે તેમને હારનો સામનો કરવો પડ્યો હતો. હવે વર્ષો પછી તેમનો આ આક્રોશ બહાર આવ્યો છે કે સત્તા અને રાજકારણના આ ખેલમાં ઈમાનદાર લોકો માટે કોઈ જગ્યા બચી નથી.

પાક્કો ગુજરાતના ધાકડ સવાલો:

૧. પૂર્વ IPS કિરણ બેદી જેવા વહીવટી અનુભવી અને દમદાર વ્યક્તિત્વને પણ ભાજપમાંથી લડવા બદલ અફસોસ કેમ કરવો પડ્યો?

૨. શું સત્તાધારી પક્ષમાં કડક અને સિદ્ધાંતવાદી નેતાઓને સાઈડલાઈન કરી દેવામાં આવે છે?

૩. 'ભાજપમાંથી લડવું એ મારી ભૂલ હતી' - આ શબ્દો ભાજપની અંદર ચાલતી આંતરિક ખેંચતાણ અને સત્તાના અહંકાર તરફ ઈશારો કરે છે?

ચૂંટણી આવે એટલે નેતાઓના મોટા મોટા દાવાઓ સામે આવતા હોય છે, પરંતુ જ્યારે દેશના સૌથી ચર્ચિત પૂર્વ IPS અધિકારી પોતે પક્ષની આવી વાસ્તવિકતા સામે લાવે, ત્યારે પ્રજાએ પણ સમજવાની જરૂર છે કે કાગળ પર દેખાતા ચહેરાઓ અને સત્તાના પાછળના કાળા કરતૂતોમાં કેટલો તફાવત હોય છે!

# પાક્કો ગુજરાત

મંગળવાર | 21 જુલાઈ 2026 | અમદાવાદ




## તંત્રી લેખ...

# વિજય ચોક પર ખાખીનો કાળો કાયદો: યુવાનો અને ખેડૂતોના લોહીથી ક્યાં સુધી સત્તાનો રંગ અકબંધ રાખશો?

### પેપર લીકના વિરોધમાં અવાજ ઉઠાવવો એ ગુનો છે? વિજય ચોકથી લઈને દેશના ખૂણે-ખૂણે ટિયર ગેસ, લાઠીચાર્જ અને ધરપકડો: શું આ લોકશાહી છે કે આધુનિક હિટલરશાહી?

દેશની સત્તાનું કેન્દ્ર ગણાતા દિલ્હીના વિજય ચોક પર વિરોધ દર્શાવી રહેલા દેશના ભવિષ્ય સમાન યુવાનો પર પોલીસે છોડેલા ટિયર ગેસના શેલ અને ઝીંકેલા લાઠીચાર્જના દ્રશ્યોએ આખા દેશને સ્તબ્ધ કરી દીધો છે. પોતાના હક, રોજગારી અને ભ્રષ્ટ સિસ્ટમ સામે અવાજ ઉઠાવનાર નિર્દોષ યુવાનો અને વિરોધમાં જોડાયેલા સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ સહિતના નેતાઓની જે રીતે અટકાયત કરવામાં આવી, તે જોઈને સવાલ થાય છે કે શું આ દેશમાં શાંતિપૂર્ણ વિરોધ દર્શાવવો એ હવે રાજદ્રોહ કે ગુનો બની ગયો છે?

આજે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સત્તાના આસન પર બેઠેલા શાસકોને સીધો સવાલ પૂછે છે: આગળ વધતા દેશની વાતો કરનારી સરકાર પોતાના જ દેશના યુવાનો અને ખેડૂતોના અવાજથી કેમ આટલી બધી ડરી રહી છે?

પેપર લીકથી તબાહ થતું ભવિષ્ય અને 'ખાખી'નો દમનચક્ર!

દેશનો યુવાન રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે. પરંતુ સિસ્ટમમાં બેઠેલા ભ્રષ્ટ આકાઓ અને દલાલો




સરેઆમ પેપર લીક કરીને યુવાનોના સપનાઓનો સવદો કરે છે. જ્યારે આ અન્યાય સામે, પોતાના ભવિષ્યને બચાવવા યુવાનો રસ્તા પર ઉતરે છે, ત્યારે તેમને સાંભળવા કે સાંત્વના આપવાને બદલે સત્તાધીશો પોલીસ બળનો ઉપયોગ કરીને તેમના પર લાઠીઓ વરસાવે છે.

શું પોતાના હકની માંગણી કરવી ગુનો છે?

શું સરકારની ખોટી નીતિઓ સામે અવાજ ઉઠાવવો પાપ છે?

શું પેપર લીકના કૌભાંડીઓને જેલભેગા કરવાને બદલે નિર્દોષ વિદ્યાર્થીઓને લોહીલુહાણ કરવા એ જ ન્યાય છે?

સત્તાનો આવો અહંકાર અને વિરોધ કરનારાઓને કચડી નાખવાની આ માનસિકતા ભૂતકાળના તાનાશાહોની યાદ અપાવે છે. આવી હિટલરશાહી નીતિઓ સામે આજે આખો દેશ આક્રોશથી ઊકળી રહ્યો છે.

અન્યાય સામે સડક પર સોનમ વાંગચુકથી લઈને ખેડૂતોનો રણકાર!

માત્ર યુવાનો જ નહીં, દેશનો અન્નદાતા ખેડૂત અને પર્યાવરણ તથા ભવિષ્યની ચિંતા કરતા સોનમ વાંગચુક જેવા દેશભક્તો પણ પોતાની વ્યાજબી માંગણીઓ સાથે આંદોલનના માર્ગે છે. પરંતુ અફસોસની વાત એ છે કે દેશના ખૂણે-ખૂણે આંદોલનોની આગ સળગી રહી હોવા છતાં, સરકારના પેટનું પાણી સુદ્ધાં હલતું નથી.

ખેડૂતો પોતાની મહેનતના યોગ્ય ભાવ માટે, પોતાના અસ્તિત્વ માટે લડી રહ્યા છે, પરંતુ સત્તાધીશો તેમને સાંભળવાને બદલે આંદોલનોને ચગdist કરવાના કાવતરાં કરી રહ્યા છે. હક માગનારા યુવાનો પર લાઠીચાર્જ કરીને અને ખેડૂતોની માંગણીઓને અણદેખી કરીને સરકાર કયો સંદેશ આપવા માંગે છે?

લોકશાહીમાં 'જનતા' માલિક છે, સત્તાધીશો નહીં!

સરકારે એ ક્યારેય ભૂલવું ન જોઈએ કે લોકશાહીમાં આખરી તાકાત જનતાના હાથમાં હોય છે. શાસકો પ્રજાના સેવક છે, માલિક નહીં. જ્યારે બહેરા થઈ ગયેલા સત્તાધીશો જનતાની ચીસ સાંભળવાનો ઈનકાર કરે છે, ત્યારે જ ક્રાંતિનો જન્મ થાય છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવની અટકાયત હોય કે વિજય ચોક પર રક્તરંજિત થયેલા યુવાનોના કપડાં હોય–આ દમનચક્ર એ વાતની સાબિતી છે કે સરકાર પાસે જનતાના સવાલોના કોઈ જવાબો નથી, માત્ર અને માત્ર પોલીસની લાઠીઓનો સહારો છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સત્તાધીશોને સણસણતો ચેતવણીનો સૂર!

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે દિલ્હીના તખ્ત પર બેઠેલા શાસકો સુધી દેશના કરોડો યુવાનો અને ખેડૂતોનો અવાજ પહોંચાડતા સ્પષ્ટ શબ્દોમાં કહે છે:

'લાઠીઓ અને ટિયર ગેસના શેલથી માત્ર વિરોધને અટકાવી શકાય છે, વિચારો અને આક્રોશને નહીં! જો આજે પણ દેશના ખેડૂતો, સોનમ વાંગચુક જેવા પર્યાવરણવિદો અને યુવાનોના દિલમાં સળગતી આ આક્રોશની જ્વાળાઓને શાંત કરવામાં નહીં આવે, તો આગામી સમયમાં આ જ જન-આક્રોશ સત્તાના અહંકારને મૂળમાંથી ઉખાડી ફેંકશે!'

લાઠીચાર્જ બંધ કરો, પેપર લીકના માફિયાઓને જેલમાં ધકેલો અને ખેડૂતો તથા યુવાનો સાથે ટેબલ પર બેસીને ન્યાય આપો. આ દેશ લોકશાહીથી ચાલશે, તાનાશાહીથી નહીં!

(અવાજ પ્રજાનો, સવાલ સત્યનો - 'પાક્કો ગુજરાત ન્યૂઝ')

**- ગ્રુપ એડિટર પવન માકન**

---

### શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - 8 (અક્ષરબ્રહ્મ યોગ)

# અલ્ટીમેટ ટાઈમ મેનેજમેન્ટ: સમયની ગણતરી અને જીવનની અંતિમ ઓવરમાં સિક્સર મારવાની કળા

મૃત્યુ એ જીવનનો અંત નથી, પણ પ્રવાસનો એક વિરામ છે. તમારી આખી જિંદગીની પ્રેક્ટિસ કેવી હતી, તેનો અસલી ટેસ્ટ તો લાઈફની છેલ્લી ક્ષણે જ થાય છે.

ગયા અધ્યાય (અધ્યાય ૭) માં કૃષ્ણે આપણને આખી સૃષ્ટિનું હાર્ડવેર અને સોફ્ટવેર (અપરા અને પરા પ્રકૃતિ) સમજાવ્યું. પણ અર્જુન તો પ્રોફેશનલ આર્ચર (તીરંદાજ) હતો, એનું માઈન્ડ બહુ પ્રેક્ટિકલ હતું. એણે કૃષ્ણને ૭ બહુ અઘરા ટેકનિકલ સવાલો પૂછ્યા. બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે? કર્મ શું છે? અને સૌથી અગત્યનું... જ્યારે માણસ આ દુનિયા છોડીને જતો હોય (અંતકાળમાં), ત્યારે તને કેવી રીતે યાદ રાખી શકે?'

આ સાંભળીને શ્રી કૃષ્ણ એક ગજબના 'લાઈફ કોચ' અને 'ટાઈમ મેનેજર' બનીને અર્જુનને જે ગૂઢ જ્ઞાન આપે છે, તેને ગીતામાં અક્ષરબ્રહ્મ યોગ' કહે છે. 'અક્ષર' એટલે જે ક્યારેય નષ્ટ નથી થતું તે .

યં યં વાપિ સ્મરન્ભાવં ત્યજત્યંતે કલેવરમ્ |

તં તમેવૈતિ કૌંતેય સદા તદ્ભાવભાવિત ||

એનો અર્થ એ કે, માણસ અંત સમયે (મૃત્યુ વખતે) જે વસ્તુ, વ્યક્તિ કે વિચારનું ચિંતન કરતો કરતો શરીર છોડે છે, તે આગામી જન્મમાં એ જ યોનિ કે સ્થિતિને પામે છે. કારણ કે આખી જિંદગી આપણે જેમાં ડૂબેલા રહ્યા હોઈએ, છેલ્લી ક્ષણે આપણું સબકોન્શિયસ માઈન્ડ (સુષુપ્ત મન) એ જ વિચાર બહાર લાવે છે.

કોઈ ક્રિકેટર આખી મેચમાં ગમે તેટલો સરસ રમ્યો હોય, પણ જો છેલ્લી ઓવરના છેલ્લા બોલે સિક્સર મારવાની જરૂર હોય અને ત્યાં એ નર્વસ થઈને આઉટ થઈ જાય, તો મેચ હાથમાંથી નીકળી જાય છે. લાઈફની છેલ્લી ક્ષણ પણ એવી જ 'અંતિમ ઓવર' છે. એ છેલ્લી ઓવરમાં તમારું માઈન્ડસેટ કેવું છે, તેના પર તમારી આખી મેચ (આવનારી સફર) નો આધાર છે.

'અંતિમ ઓવર' ની બેસ્ટ પ્રેક્ટિસ કેવી રીતે કરવી?

હવે અર્જુનને ચિંતા થઈ કૃષ્ણ, જો છેલ્લી ક્ષણે અકસ્માત થાય, કે કોઈ બીમારીમાં મન ઠેકાણે ન હોય, તો તને કેવી રીતે યાદ કરવો? એ તો બહુ અઘરું છે!

કૃષ્ણ હસીને આનો બહુ મસ્ત અને પાવરફુલ ઉપાય આપે છે

તસ્માત્સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ |

એટલા માટે તું દરેક સમયે મારું સ્મરણ કર અને યુદ્ધ પણ કર!

કૃષ્ણ એમ નથી કહેતા કે તું તારું ધનુષ-બાણ ફેંકીને હિમાલય પર જતો રહે અને ૨૪ કલાક માળા જપ્યા કર. તેઓ કહે છે યુદ્ધ પણ કર અને મને યાદ પણ રાખ.

તમે તમારા સ્માર્ટફોનમાં જ્યારે ગૂગલ મેપ કે મ્યુઝિક પ્લેયર ચાલુ કરો છો, ત્યારે સ્ક્રીન પર ભલે તમે કોઈ બીજું કામ (જેમ કે વોટ્સએપ કે ગેમ) કરતા હોવ, પણ એ મ્યુઝિક કે મેપ Background App તરીકે પાછળ સતત ચાલતું જ રહે છે.

કૃષ્ણે પણ આપણને બસ આ જ કરવા કહ્યું છે. આપણું શરીર ગ્રાઉન્ડ પર રમે, ઓફિસમાં કામ કરે, કે ઘરની જવાબદારી નિભાવે (તે આપણી ફોરગ્રાઉન્ડ એપ છે), પણ મનની અંદર ઈશ્વર પ્રત્યેનો સાચો ભાવ 'બેકગ્રાઉન્ડ એપ' ની જેમ ૨૪ કલાક



એક્ટિવ રહેવો જોઈએ. જો આખી જિંદગી આ બેકગ્રાઉન્ડ એપ ચાલુ રહેશે, તો અંત સમયે એ ઓટોમેટિક સામે આવી જ જશે! આ અધ્યાયમાં કૃષ્ણ જે સ્પેસ અને ટાઈમની ગણતરી આપે છે, તે સાંભળીને આજના મોર્ડન સાયન્ટિસ્ટો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. કૃષ્ણ બ્રહ્માજીના એક દિવસની ગણતરી સમજાવે છે

બ્રહ્માજીનો ૧ દિવસ = ૪૩૨ કરોડ માનવ વર્ષ.

બ્રહ્માજીની ૧ રાત = ૪૩૨ કરોડ માનવ વર્ષ!

જ્યારે બ્રહ્માજીનો દિવસ ઉગે છે ત્યારે બધી સૃષ્ટિ દ્રશ્યમાન થાય છે, અને રાત પડે ત્યારે બધું પાછું લય પામી જાય છે. કૃષ્ણ સમજાવે છે કે આ સમયનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે. આટલા અબજો વર્ષોની સામે આપણું ૭૦-૮૦ વર્ષનું આ મનુષ્ય જીવન કેટલું નાનું છે!

જ્યારે આપણે બ્રહ્માંડના આ વિશાળ ટાઈમ સ્કેલને સમજીએ છીએ, ત્યારે આપણી નાની-નાની ચિંતાઓ, અહંકાર અને તકલીફો એકદમ નજીવી લાગવા માંડે છે.

અધ્યાયના અંતમાં કૃષ્ણ શરીર છોડવાના બે કોસ્મિક માર્ગો વિશે વાત કરે છે શુક્લ ગતિ (પ્રકાશનો માર્ગ) જે યોગીઓ અગ્નિ, પ્રકાશ, દિવસ અને ઉત્તરાયણના ૬ મહિના દરમિયાન શરીર છોડે છે, તેઓ બ્રહ્મને પામે છે અને પાછા જન્મ-મરણના ફેરામાં આવતા નથી. કૃષ્ણ ગતિ (અંધકારનો માર્ગ) જેઓ ધુમાડો, રાત્રિ અને દક્ષિણાયનના ૬ મહિનામાં મૃત્યુ પામે છે, તેઓ ચંદ્રલોકના સુખો ભોગવીને પાછા પૃથ્વી પર જન્મ લે છે.

આ માત્ર કોઈ કેલેન્ડરની તારીખો નથી! 'ઉત્તરાયણ અને પ્રકાશ' નો અર્થ છે જાગૃતિ, જ્ઞાન અને વિવેકથી ભરેલી અવસ્થા. જ્યારે 'દક્ષિણાયન અને અંધકાર' એટલે મોહ, માયા અને અજ્ઞાનતાની અવસ્થા. આપણે જ્ઞાનના પ્રકાશમાં જીવવાનું છે.

જેમ સ્પોર્ટ્સમાં ફાઈનલ મેચના દિવસે સીધો પર્ફોર્મન્સ નથી આવતો, એના માટે રોજ નેટ પ્રેક્ટિસ કરવી પડે છે. તેમ જ, જો જીવનની અંતિ ક્ષણને સુધારવી હોય, તો આજની એક-એક મિનિટને સાચા વિચારો અને સત્કર્મથી સજાવવી પડશે.

કામ એ જ પૂજા કૃષ્ણનો મંત્ર બહુ ક્લિયર છે કામ છોડવાનું નથી, પણ કામ કરતી વખતે ઈશ્વરને સાથે રાખવાના છે. ઈમાનદારીથી રમાયેલી પ્રત્યેક રમત અને કરાયેલું પ્રત્યેક કામ એ જ સાચી ભક્તિ છે.

સમયની કિંમત સમજો આ બ્રહ્માંડ બહુ મોટું છે અને આપણી પાસે સમય બહુ લિમિટેડ છે. નકામી ચિંતાઓ કે નેગેટિવિટીમાં સમય બગાડવાને બદલે પ્રોડક્ટિવ અને આધ્યાત્મિક ગ્રોથ પર ફોકસ કરો.સમયને જીતવાનો એક જ રસ્તો છે દરેક ક્ષણને અર્થપૂર્ણ બનાવવી. અંતિમ ક્ષણે ભગવાન યાદ આવે તે માટે આખું જીવન ભગવાનને ભૂલવું નહીં. મૃત્યુથી ડરવાની જરૂર નથી ખોટું જીવન જીવવાથી ડરવાની જરૂર છે.

જિંદગીની છેલ્લી ઓવર સફળ બનાવવા માટે પ્રથમ બોલથી જ સજાગ બની જાઓ.

દરેક દિવસને એવો જીવો કે જો આજ જીવનનો છેલ્લો દિવસ હોય તો પણ કોઈ અફસોસ ન રહે.

સફળ જીવન એ નથી જેમાં માત્ર સંપત્તિ ભેગી થાય.

સફળ જીવન એ છે જેમાં અંતિમ ક્ષણે મન શાંત હોય, હૃદય નિર્મળ હોય અને ભગવાન પ્રત્યે અડગ વિશ્વાસ હોય.

આજથી દરેક દિવસને પ્રાર્થના, સેવા, સત્ય અને પ્રેમથી જીવીએ.

કારણ કે અંતિમ ક્ષણ ક્યારે આવશે તે આપણા હાથમાં નથી, પરંતુ તે ક્ષણ સુધી કેવી રીતે જીવવું તે સંપૂર્ણપણે આપણા હાથમાં છે.


**દર્શના પટેલ**

(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર


---

# ગુજરાતનો યુવા અને ખેડૂત ક્યારે જાગશે? જંતર-મંતર જેવા આંદોલનની ક્રાંતિ ક્યારે આવશે?

### પોતાના હક, ન્યાય અને ભવિષ્ય માટે આત્મસન્માનની લડાઈ ક્યારે શરૂ થશે? 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો સિસ્ટમ સામે સણસણતો સવાલ!

અમદાવાદ/ગાંધીનગર, ખાસ પ્રતિનિધિ:

જે ધરતીએ દેશને મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાન આંદોલનકારીઓ આપ્યા, જે ધરતીએ અન્યાય સામે ઝૂકવાને બદલે સત્તાના સિંહાસનો હલાવી દીધા હતા–એ જ ગુજરાત આજે પોતાના હક માટે અવાજ ઉઠાવવામાં કેમ પાછળ પડી રહ્યું છે? જ્યારે દેશની રાજધાની દિલ્હીના 'જંતર-મંતર' પર ખેડૂતો, વિદ્યાર્થીઓ અને યુવાનો પોતાના હક માટે મહિનાઓ સુધી રસ્તા પર બેસીને સત્તાધીશોને ઘૂંટણિયે લાવી દે છે, ત્યારે સવાલ એ થાય છે કે ગુજરાતનો વિદ્યાર્થી અને ખેડૂત પોતાની માંગણીઓ માટે આવી આરપારની લડાઈ ક્યારે લડશે?

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે ગુજરાતના દરેક યુવાન, દરેક ખેડૂત અને દરેક નાગરિકના દિલમાં સળગતી આ આગને વાચા આપી રહ્યો છે.

### પેપર લીક અને રોજગારીના નામે યુવાનો સાથે ક્યાં સુધી ખેલ ખેલાશે?

ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ પોતાના મા બાપના લોહી-પસીનાની કમાણી ખર્ચીને રાત-દિવસ એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે. પરંતુ પરિણામ શું આવે છે?

પરીક્ષા પહેલાં જ પેપર લીક થઈ જાય છે!

વર્ષો સુધી ભરતીઓ અટકી પડે છે!

યોગ્યતા ધરાવતા યુવાનો રસ્તા પર રઝળે છે અને લાગવગશાહી-ભ્રષ્ટાચાર કરનારા પદો પર બેસી જાય છે!

આટઆટલા અન્યાય પછી પણ ગુજરાતનો વિદ્યાર્થી થોડા દિવસ વિરોધ દર્શાવીને શાંત થઈ જાય છે. સવાલ એ છે કે ગુજરાતનો યુવા વર્ગ એકજૂથ થઈને ગાંધીનગરના નાકા બંધ કરી દે તેવું 'જંતર-મંતર' જેવું ઐતિહાસિક આંદોલન ક્યારે ઊભું કરશે? ક્યાં સુધી પોતાના ભવિષ્યને સત્તાધીશોના ભરોસે હોમાવા દેશે?

### ખેડૂતોના લોહી-પસીનાની કિંમત કેમ નથી મળતી?

બીજી તરફ, રાજ્યનો પોષણક્ષમ આહાર આપનારો અન્નદાતા ખેડૂત પણ સતત પીસાઈ રહ્યો છે:

ખાતર, બિયારણ અને ડીઝલના ભાવ આસમાને પહોંચી ગયા છે.

સિંચાઈ માટે વીજળી અને પાણી માટે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવું પડે છે.

પાકના યોગ્ય પોષણક્ષમ ભાવ (MSP) મેળવવા માટે કાલાવાલા કરવા પડે છે.

કુદરતી આપદા કે કમાણી ધોવાઈ જાય ત્યારે વીમા કંપનીઓ કરોડો રૂપિયા ઓળવી જાય છે.

દિલ્હીની સરહદો પર ખેડૂતોએ મહિનાઓ સુધી છાવણીઓ નાખીને સરકારને કાયદા પાછા ખેંચવા મજબૂર કરી હતી. તો પછી ગુજરાતનો ખેડૂત પોતાના હક માટે એક થઈને આવું સીમાચિહ્નરૂપ આંદોલન કેમ નથી કરી શકતો? શા માટે નાની-નાની રજૂઆતો અને આવેદનપત્રો આપીને સંતોષ માની લે છે?

### જંતર-મંતર જેવી ક્રાંતિ ગુજરાતમાં કેમ નથી થતી?

રાજકીય વિશ્લેષકો અને જાગૃત નાગરિકોના મતે ગુજરાતમાં મોટું આંદોલન ન થવા પાછળ મુખ્ય કારણો છે:

1. જૂથવાદ અને વિભાજન: આંદોલનોને જ્ઞાતિ-જાતિ અને પક્ષોના રાજકારણમાં વહેંચીને તોડી પાડવામાં આવે છે.
2. સત્તાનો ભય: અવાજ ઉઠાવનારા યુવાનો કે ખેડૂત નેતાઓ પર કેસ કરીને તેમનો અવાજ દબાવી દેવાનો પ્રયાસ થાય છે.
3. અસંગઠિત લડાઈ: વિદ્યાર્થીઓ અને ખેડૂતો અલગ-અલગ લડે છે, જે દિવસે આ બંને તાકાત એક થશે, તે દિવસે ક્રાંતિ સર્જાશે.

હક માંગવાથી નથી મળતો, છીનવવો પડે છે!

ઈતિહાસ સાક્ષી છે કે ક્રાંતિ ક્યારેય શાંતિથી અરજીઓ લખવાથી નથી આવતી. જ્યારે સત્તાધીશોના કાન બહેરા થઈ જાય, ત્યારે આંદોલનનો ગડગડાટ જરૂરી બની જાય છે.

ગુજરાતના વિદ્યાર્થીઓ અને ખેડૂતોએ હવે સમજવું પડશે કે: 'આવેદનપત્રો આપવાનો સમય પૂરો થઈ ગયો છે, હવે આંદોલનની મશાલો પ્રગટાવવાનો સમય આવી ગયો છે. જો આજે પોતાના હક માટે રસ્તા પર નહીં ઊતરો, તો આવનારી પેઢીઓ તમને ક્યારેય માફ નહીં કરે!'

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આહ્વાન: જાગો, એક થાઓ અને લડો!

'પાક્કો ગુજરાત ન્યૂઝ' રાજ્યના તમામ વિદ્યાર્થી સંગઠનો, ખેડૂત યુનિયનો અને જાગૃત નાગરિકોને આહ્વાન કરે છે કે પોતાના અંગત સ્વાર્થ અને પક્ષીય રાજકારણથી ઉપર ઊઠીને એક મંચ પર આવો. જ્યારે ગુજરાતનો યુવાન અને ખેડૂત એક થઈને દિલ્હીના 'જંતર-મંતર' જેવું મજબૂત અને અણનમ આંદોલન ઊભું કરશે, ત્યારે જ આ ભ્રષ્ટ સિસ્ટમ ધ્રૂજશે અને જનતાને સાચો ન્યાય મળશે.

યાદ રાખો... લડશો તો જ જીતશો!

(સત્ય, હક અને જનતાના અવાજ સાથે - 'પાક્કો ગુજરાત ન્યૂઝ')

---

# લોકશાહીનો જનાજો અને સત્તાનો અહંકાર! શિક્ષણ સુધારવાની માગણી પર પોલીસનો લાઠીચાર્જ: આખરે સરકાર કોનાથી ડરી રહી છે?

દેશના ભવિષ્યને ધૂળધાણી બનાવી રહેલી શિક્ષણ વ્યવસ્થા સામે જ્યારે અવાજ ઉઠાવવામાં આવે, ત્યારે એક લોકશાહી દેશની સરકાર શું કરે? શું તે આંદોલનકારીઓનું સાંભળે? કે પછી સત્તાના નશામાં અંધ બનીને બળપ્રયોગ કરે? દિલ્હીના જંતર-મંતર પર જે દ્રશ્યો સર્જાયા છે તે જોયા પછી દરેક નાગરિકના મનમાં આ જ સવાલ ઉભો થાય છે.

એક સીધી અને સાદી માગણી હતી. પોતાની જવાબદારીમાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલા દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પદ પરથી રાજીનામું આપે અને ભ્રષ્ટ નીતિઓથી ઘેરાયેલી શિક્ષણ વ્યવસ્થામાં વહેલી તકે સુધાર લાવવામાં આવે. શું આ દેશમાં શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા માગવી કોઈ મોટો અપરાધ છે? શું દેશના વિદ્યાર્થીઓ અને નાગરિકો માટે સારો અભ્યાસ અને યોગ્ય વ્યવસ્થા માગવી ગેરવ્યાજબી છે?

કોઈપણ જવાબદાર દેશ અને સરકારનું પ્રાથમિક કામ જ એ હોય છે કે તે દેશની શિક્ષણ વ્યવસ્થાને મજબૂત કરે અને પોતાના યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરે. પરંતુ અહીં ચિત્ર તદ્દન ઊલટું છે. આ સરકારની જડતા અને અહંકાર એટલી સીમા વટાવી ગયા છે કે લોકશાહીના પાયા સમાન 'સંવાદ' માટે પણ જગ્યા બચી નથી.

વિચારો તો ખરા! એક વ્યાજબી માગણી મનાવવા માટે લોકોને ૨૩-૨૩ દિવસ સુધી રસ્તા પર બેસવું પડે? આટલી કડકડતી ઠંડી કે ગરમીમાં આંદોલન ચલાવવું પડે? ૨૩ દિવસ સુધી ચાલેલા આ આંદોલનને ઉકેલવાને બદલે સરકારે તેને કચડી નાખવાનો રસ્તો પસંદ કર્યો. આંદોલન સ્થળે હજારોની સંખ્યામાં પોલીસ દળ તૈનાત કરી દેવાયા, જાણે સામે કોઈ દેશના દુશ્મનો ઊભા હોય! શાંતિપૂર્ણ રીતે વિરોધ દર્શાવતા લોકો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. નિર્દોષો પર લાઠીઓ વરસાવીને સરકારે સાબિત કરી દીધું કે તેને જનતાના અવાજથી નહીં, પણ પોતાના અહંકારથી પ્રેમ છે.

આ બળપ્રયોગ અને લાઠીચાર્જ આખરે શું દર્શાવે છે? આ દર્શાવે છે સરકારની નિષ્ફળતા, તેનો ડર અને સત્તાનો મધપૂડો ન છોડવાની વૃત્તિ.

---

# સોનમ વાંગચુક-NEET પેપર લીક મુદ્દે ગુજરાતમાં આક્રોશનો જ્વાળામુખી!

### અમદાવાદમાં કોંગ્રેસના કાર્યકરોની અટકાયત, દિલ્હી જંતર-મંતર સુધી પહોંચ્યા ગુજરાતી યુવાનો!

અમદાવાદ/દિલ્હી

દેશના અહિંસક આંદોલનકારી સોનમ વાંગચુકના સમર્થનમાં અને NEET પરીક્ષામાં થયેલી ભયાનક ગેરરીતિઓ તથા પેપર લીકની ઘટનાઓ સામે હવે ગુજરાતના યુવાનો અને રાજકીય પક્ષોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. અમદાવાદના રસ્તાઓથી લઈને દેશની રાજધાની દિલ્હીના જંતર-મંતર સુધી યુવાનો અને આંદોલનકારીઓ રસ્તે ઉતરી આવ્યા છે.

અમદાવાદમાં પ્રદર્શન અને કોંગ્રેસના કાર્યકરોની અટકાયત!

અમદાવાદ શહેરમાં યુવાનો અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થઈ રહેલા ખિલવાડ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સોનમ વાંગચુકની માગણીઓને સમર્થન આપવા અને NEET પેપર લીકના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો તથા નેતાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. સૂત્રોચ્ચાર અને ભારે હોબાળા વચ્ચે વાતાવરણ ગરમ થઈ ગયું હતું. પ્રદર્શન વધી જતાં જાગેલી પોલીસે તાત્કાલિક ધોરણે આક્રમક કાર્યવાહી કરીને કોંગ્રેસના અનેક હોદ્દેદારો અને કાર્યકરોની અટકાયત કરી લીધી હતી.

અમદાવાદથી દિલ્હી સુધી ગુંજ્યો ગુજરાતના યુવાનોનો અવાજ!

વિરોધનો આ અવાજ માત્ર અમદાવાદ પૂરતો સીમિત રહ્યો નથી. શિક્ષણ વ્યવસ્થા અને ભ્રષ્ટાચારથી કંટાળેલા કેટલાક ગુજરાતી યુવાનો સીધા દેશની રાજધાની દિલ્હીના જંતર-મંતર ખાતે પહોંચી ગયા છે! ત્યાં પહોંચીને યુવાનોએ સોનમ વાંગચુકના આંદોલનને સમર્થન જાહેર કર્યું છે અને NEET પરીક્ષા રદ કરીને લાખો વિદ્યાર્થીઓને ન્યાય આપવાની માગ કરી છે.

પેપર લીક અને કથળતું શિક્ષણ: તંત્ર ક્યાં સુધી મૌન રહેશે?

વર્ષોથી મહેનત કરતા નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર જ્યારે પેપર લીક અને ગેરરીતિઓનું ગ્રહણ લાગે છે, ત્યારે સરકાર તરફથી માત્ર આશ્વાસનો જ મળે છે. 'પાક્કો ગુજરાત' સવાલ પૂછે છે કે યુવાનોના કિંમતી વર્ષો બરબાદ કરનારા પેપર લીકના કિંગપિનો સામે ક્યારે કડક કાર્યવાહી થશે?

પાક્કો ગુજરાતના ધાકડ અને તીખા સવાલો:

૧. વિદ્યાર્થીઓના હક અને શિક્ષણમાં સુધાર માટે અવાજ ઉઠાવતા આંદોલનકારીઓની અટકાયત કરીને શું સરકાર જનઆક્રોશને દબાવી શકશે? ૨. NEET પરીક્ષામાં થયેલી ધાંધલી અને પેપર લીકની ઘટનાઓ માટે જવાબદારો સામે ક્યારે દાખલારૂપ પગલાં લેવાશે? ૩. ગુજરાતથી દિલ્હી જંતર-મંતર સુધી પહોંચેલો યુવાનોનો આ આક્રોશ શું સત્તાધીશોની ઊંઘ ઉડાડવા માટે પૂરતો નથી? પોતાના હક અને પારદર્શક શિક્ષણ વ્યવસ્થા માટે યુવાનો હવે સીધા મેદાનમાં આવી ગયા છે. પાક્કો ગુજરાત વિદ્યાર્થીઓ અને યુવાનોના આ અવાજને સતત વાચા આપતું રહેશે!




પાક્કો ગુજરાત
મંગળવાર | 21 જુલાઈ 2026 | અમદાવાદ

### ઈડરમાં પાણીનું સંકટ ઘેરું બન્યું! : ધરોઈમાંથી પુરવઠો ઘટતા 25 મિનિટ જ મળે છે પાણી

# વોર્ડ ૩માં દૂષિત પાણીની બૂમ ઊઠતા પ્રમુખ અને ચીફ ઓફિસર જાતે પાણી પીવા મજબૂર!

## તપાસ દરમિયાન પાલિકાના ધ્યાન પર આવ્યું કે અનેક ઘરોમાં પાણીના કનેક્શનમાં નળ કે ચકલી જ નથી



**ઈડર/સાબરકાંઠા, જાકીર મેમણ**

ઈડર શહેરમાં જુલાઈ મહિનો વીતવા આવ્યો હોવા છતાં નોંધપાત્ર વરસાદ ન પડતા હવે જળસંકટની ભયાનક ઘંટડી વાગી ચૂકી છે. એક તરફ ભૂગર્ભ જળસ્તર તળિયે બેસી જતાં શહેરીજનોને માત્ર ૨૫ મિનિટ જ પાણી મળી રહ્યું છે, તો બીજી તરફ દૂષિત પાણીની ફરિયાદો સામે આવતા નગરપાલિકામાં દોડધામ મચી ગઈ છે.

ઈડર શહેરની ભૌગોલિક સ્થિતિ અને વસ્તી અનુસાર દરરોજ આશરે ૭ એમએલડી (૭૦ લાખ લિટર) પાણીની સખત જરૂરિયાત છે. જોકે, મુખ્ય સ્ત્રોત ગણાતા ધરોઈ ડેમમાંથી હાલ માત્ર ૨ થી ૩ એમએલડી (૨૦ થી ૩૦ લાખ લિટર) પાણીનો જ પુરવઠો મળી રહ્યો છે. શહેરના મોટાભાગના કૂવાઓ સુકાઈ રહ્યા છે. જો આગામી દિવસોમાં મેઘરાજા મન મૂકીને નહીં વરસે, તો ઈડરવાસીઓએ પાણી ટીપે-ટીપા માટે તરસે મરવાનો વારો આવશે! આ કપરી પરિસ્થિતિ વચ્ચે તાજેતરમાં ઈડરના વોર્ડ નંબર ૩ માંથી ગંદુ અને દૂષિત પાણી આવતું હોવાની ગંભીર ફરિયાદો ઊઠી હતી. પ્રજાના આક્રોશને પગલે સોમવારે નગરપાલિકાના ચીફ ઓફિસર જૈમિન ચૌધરી, પ્રમુખ અનસૂયાબેન પટેલ, પાણી સમિતિના ચેરમેન અનિલભાઈ પંચાલ સહિતનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો.

લોકોના ઘર સુધી પહોંચેલી ટીમે સ્થાનિકો દ્વારા ભરવામાં આવતા પાણીની તપાસ કરી હતી. એટલું જ નહીં, પ્રમુખ અને ચીફ ઓફિસરે સ્થાનિકોની હાજરીમાં જાતે એ પાણી પીઈને ગુણવત્તા ચકાસી હતી! અધિકારીઓના દાવ અનુસાર તપાસ દરમિયાન પાણી સ્વચ્છ હોવાનું સામે આવ્યું હતું.

તપાસ દરમિયાન પાલિકાના ધ્યાન પર આવ્યું કે અનેક ઘરોમાં પાણીના કનેક્શનમાં નળ કે ચકલી જ નથી, જેના કારણે હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે. આ ઉપરાંત, કસ્બા વિસ્તારથી નગરપાલિકા તરફ જતા માર્ગ પર ગટર લાઈનમાં સતત પાણી વહેતું જોવા મળતાં તંત્રની પોલ ખુલ્લી પડી ગઈ હતી.

પાક્કો ગુજરાતના તીખા સવાલો:

૧. ધરોઈમાંથી પૂરતું પાણી લાવવા માટે પાલિકાએ અગાઉથી કોઈ આગોતરું આયોજન કેમ ન કર્યું?

૨. શહેરમાં ગટર લાઈનોમાં વહી જતા પાણીના વેડફાટ માટે જવાબદાર અધિકારીઓ સામે ક્યારે કાર્યવાહી થશે?

૩. માત્ર ૨૫ મિનિટ પાણી આપીને પાલિકા ઈડરના નાગરિકોની તરસ કઈ રીતે છીપાવશે? પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરે નાગરિકોને નળ પર ચકલીઓ લગાવવા અને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા વિનંતી કરી છે.

## જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામેથી ઘોડીપાસાનો જુગાર રમતા બે શખ્સો રોકડ રકમ સાથે ઝડપાયા

**જેતપુર, સુરેશ ભાલીયા**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર તથા જેતપુર ડીવાયએસપી આર. એ. ડોડીયા નાઓ દ્વારા પ્રોહિબિશન તથા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધી કાઢી આવી પ્રવૃત્તિઓ કરતા ઈસમો વિરુદ્ધ 'Zero tolerance to prohibition & gambling' ની નીતિ મુજબ કામગીરી કરી આવી પ્રવૃત્તિઓને સદંતર નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવા સૂચના આપેલ હોય જે અન્વયે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એલ. આહિર સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશન જુગાર અંગે પેટ્રોલિંગમાં હતા.

તે દરમિયાન સર્વેલન્સ સ્ટાફને મળેલ હકીકત આધારે જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામના ઓવરબ્રિજ પુલ પાસે જાહેરમાં જુગાર રમતા આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી જુગારધારા અધિનિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે. પોલીસે ઘટનાસ્થળેથી ભારતીય ચલણની જુદા જુદા દરની નોટો કુલ રૂપિયા ૧૧,૪૩૦ ની રોકડ રકમ તથા ઘોડીપાસા નંગ ૦૨ કબજે કર્યા છે. પકડાયેલા આરોપીઓમાં (૧) ઝહીર આબિદભાઈ મુલ્લા (રહે. ઘાંણીકોઢા ધોરાજી) અને (૨) સાહિલ આસીફભાઈ કાપડીયા (રહે. અલીનગર કોલોની ધોરાજી) નો સમાવેશ થાય છે.

### સોમવારની સવારે નોકરીયાતો અને મહિલાઓ નરકાગારમાંથી પસાર થવા મજબૂર!

## વડોદરા તંત્રની નાકામી! દિનેશ મિલ ગરનાળામાં ગટરનું પાણી ફરી વળ્યું

**વડોદરા**

'સ્માર્ટ સિટી' વડોદરામાં કોર્પોરેશનના પ્રી-મોન્સૂન અને મેન્ટેનન્સના દાવાઓની પોલ ફરી એકવાર ખુલ્લી પડી ગઈ છે. શહેરના વ્યસ્ત ગણાતા દિનેશ મિલ ગરનાળામાં ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી વળતા સવારના સમયે કામધંધે નીકળેલા હજાર લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સપ્તાહના પ્રથમ દિવસે જ સોમવારની સવારે બનેલી આ ઘટનાને કારણે વાહનચાલકો અને રાહદારીઓનો મિજાજ છટક્યો હતો. સવારનો સમય હોવાથી નોકરીયાત વર્ગ, વિદ્યાર્થીઓ અને ધંધાદારીઓ પોતપોતાના સ્થાને પહોંચવા માટે ઉતાવળમાં હતા. પરંતુ ગરનાળામાં ભરાયેલા ગટરના દુર્ગંધયુક્ત પાણીને કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અમુક મહિલાઓને છૂટકો ન થતાં આ ગંદા પાણીમાંથી ચાલીને જવાની નોબત આવી હતી. તો બીજી તરફ, ગરનાળામાં પાણીનો ભરાવો જોઈને જ અનેક વાહનચાલકોએ પોતાના વાહનો યુ-ટર્ન મારીને પાછા વાળી લીધા હતા, જેના કારણે આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાઈ હતી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ કોઈ પહેલીવારની સમસ્યા નથી. દિનેશ મિલ ગરનાળું આ આખા વિસ્તાર



માટે કાયમી માથાનો દુખાવો બની ગયું છે. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ આ ગરનાળું સંપૂર્ણપણે બંધ થઈ જાય છે અને ચોમાસા સિવાયના દિવસોમાં પણ ગટરની લાઈનો ઉભરાઈ જવાથી આ જ સ્થિતિ સર્જાય છે. આ વિસ્તારના અને આજુબાજુના રહીશો, જેઓ રોજ પોતાના કામકાજ માટે આ ગરનાળાનો ઉપયોગ કરે છે, તેઓ તંત્રની આ ઘોર બેદરકારીથી ત્રસ્ત થઈ ગયા છે. સ્થાનિકોએ આક્રમક આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વડોદરા મહાનગરપાલિકામાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં આ કાયમી સમસ્યાનો કોઈ ઉકેલ લાવવામાં આવતો નથી.

## વિરમગામ ખાતે વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો દ્વારા 500થી વધારે સીડબોલ ફેંકવામાં આવ્યા

**વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રેરિત ગુજરાત કલ્યાણ પરિષદ ટ્રસ્ટ સુરેન્દ્રનગર દ્વારા વિરમગામ ખાતે ચલાવવામાં આવતા વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો માટેના શૈક્ષણિક કેન્દ્રના બાળકો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે હરિત પહેલ હાથ ભરવામાં આવી છે. નીલકંઠભાઇ વાસુકિયા અને દિલીપભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક કેદ્રના બાળકો દ્વારા 500 થી વધારે સીડબોલ બનાવવામાં આવ્યા હતા. આ સીડબોલ રવિવારે વિચરતી અને વિમુક્ત જાતિના બાળકોના હાથે જ વૃક્ષ ઉગી શકે તેવી જગ્યાઓ અને રોડની બાજુમાં ફેંકાવવામાં આવ્યા હતા. બાળકોને પર્યાવરણ બચાવવા માટે વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું અને સીડબોલ કઈ રીતે બનાવવા તેની માહિતી આપવામાં આવી હતી. થોડા દિવસો પહેલા બાળકો દ્વારા લીંબોળીઓ એકત્રિત કરવામાં આવી હતી અને પછી સીડબોલ બનાવવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વરસાદનું પાણી મળતા માટી ઓગળશે અને બીજમાંથી છોડ અંકુરિત થશે.

### CRS પોર્ટલની જટિલતાને કારણે

## સાબરકાંઠા જિલ્લામાં જન્મ-મરણની 714 અરજી પેન્ડિંગ

**ઈડર, જાકીર મેમણ**

સાબરકાંઠા જિલ્લાઆરોગ્ય શાખામાં CRS પોર્ટલની જટિલતાને કારણે જન્મ-મરણના દાખલાની કામગીરી ખોરવાઈ છે. રોજ નવી 70 થી 80 અરજીઓ સામે માત્ર 25નો જ નિકાલ થતાં હાલ જન્મના 700 અને મરણના 14 અરજીઓ પેન્ડિંગ રહેતા નાગરિકો ભારે પરેશાન છે.

આ જટિલ નિયમોને કારણે સાબરકાંઠા જિલ્લા આરોગ્ય શાખામાં હાલની સ્થિતિએ 700 થી વધુ અરજીઓનો ખડકલો થતાં અરજદારો હેરાન થઇ રહ્યા છે.સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ પોર્ટલના અમલીકરણ બાદ વર્ષ 2015 પહેલાના દાખલાઓમાં કોઈપણ સુધારો કે નવી મંજૂરી માટે જિલ્લા રજિસ્ટ્રાર જિલ્લા આરોગ્ય અધિકારીની ઓનલાઈન ચકાસણી ફરજિયાત કરાઇ છે.

આ કારણે જિલ્લાની 6 નગરપાલિકા જેમાં હિંમતનગર, ઇડર, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા હિંમતનગર, ઇડર, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા અને વડાલી, તથા 8 તાલુકા પંચાયત અને 521 પંચાયતોના તમામ અરજદારોની અરજીઓ વેરિફિકેશન માટે એક જ કચેરી જિલ્લા આરોગ્ય શાખા ખાતે જમા થાય છે.

સીઆરએસ પોર્ટલમાં વારંવાર સર્જાતી ટેકનિકલ એરર પણ આ ધીમી કામગીરી માટે જવાબદાર છે. જન્મ-મરણના પ્રમાણપત્ર સમયસર ન મળતાં બાળકોના શાળા-કોલેજમાં પ્રવેશ મેળવવામાં અવરોધ, આધારકાર્ડ અપડેટ અને નવા દસ્તાવેજો બનાવવાની કામગીરી અટકી, વારસાઈ હક્ક, પેઢીનામું, બેન્કિંગ કામગીરી, જાતિ અને આવકના દાખલા મેળવવામાં ભારે વિલંબ થઈ રહ્યો છે.વિધવા સહાય કે અન્ય સરકારી પેન્શન અને કલ્યાણકારી યોજનાઓના લાભોથી વંચિત રહેવું પડે છે. અગાઉ જન્મ-મરણ પ્રમાણપત્ર આપવાની સત્તા સ્થાનિક કક્ષાએ તલાટી, પાલિકાના ચીફ ઓફિસર કે સબ-રજિસ્ટ્રાર પાસે હતી. હવે નવી વ્યવસ્થામાં તલાટીએ રજિસ્ટરનો ફોટો પાડીને અપલોડ કરવો પડે છે અને તેની ફાઈનલ મંજૂરી જિલ્લા કક્ષાએથી અપાય છે.જો વેરિફિકેશન અને અપ્રૂવલની આ સત્તા ફરીથી સ્થાનિક કક્ષાએ તલાટી મંત્રી કે ચીફ ઓફિસર સ્તરે સોંપાય તો કામગીરી ઝડપી બની શકે છે.

### નગરપાલિકા ઘોર નિદ્રામાં

## ડભોઇના મહુડી ભાગોળ વિસ્તારમાં ખાડાઓનું સામ્રાજ્ય: સામાન્ય વરસાદમાં જ રસ્તા ધોવાયા

**ડભોઇ**

ડભોઈ નગરપાલિકા વિસ્તારમાં આવેલા મહુડી ભાગોળ બહાર, રાણાની હોટલથી લઈને નવી નગરી સુધીના મુખ્ય માર્ગ પર માત્ર નજીવા વરસાદમાં જ ઠેર-ઠેર મોટા મોટા ખાડા પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા અંગે ડભોઈ નગરપાલિકામાં વારંવાર મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, તેમ છતાં પરિણામ શૂન્ય આવ્યું છે નવાઈની વાત તો એ છે કે આ વિસ્તાર ડભોઈ નગરપાલિકાના વોર્ડ નંબર ૪ માં આવે છે અને અહીંના નગરપાલિકાના ઉપપ્રમુખ હોવા



છતાં, પોતાના જ વિસ્તારના રસ્તાઓની આટલી ગંભીર બિનસંભાળ લેવાઈ રહી છે પ્રજાના પ્રતિનિધિ હોવા છતાં કોઈ જ વિકાસ કે મરામત કાર્ય ન થતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.રિક્ષાચાલકો પણ આ વિસ્તારમાં આવતા ગભરાય છે રસ્તા પર પડેલા વિશાળ ખાડાઓના કારણે વાહનચાલકો કમરતોડ ખાડાઓથી પરેશાન થઈ ગયા છે. ખાડાઓને લીધે બાઈક અને રિક્ષા જેવા નાના વાહનોને ભારે આર્થિક નુકસાન પહોંચી રહ્યું છે પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે રિક્ષાચાલકો પણ નવી નગરી અને મહુડી ભાગોળ વિસ્તારમાં ભાડું લઈને આવવા માટે ખચકાય છે અને ગભરાય છે સ્થાનિકોનો આક્રોશ છે કે વારંવારની રજૂઆતો છતાં માત્ર થીંગડા મારવાની કે કાગળ પર કામ કરવાની નીતિ ચાલી રહી છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે શુંનગરપાલિકાનું તંત્ર કોઈ મોટો અકસ્માત થાય તેની રાહ જોઈ રહ્યું છે? ડભોઈ નગરપાલિકા ક્યારે ઘોર નિદ્રામાંથી જાગશે અને આ ખાડાઓનું કાયમી પૂરણ કરશે કે પછી આ જ રીતે વહીવટમાં લોલમલોલ' ચાલતી રહેશે.

### ગાંધીધામની સોનમ લવ જેહાદના રાક્ષસી મનોવૃત્તિનો ભોગ બની!

## આ ફોટો જ બધું કહી દે છે! 15 વર્ષનો બનાવટી પ્રેમ અને છેવટે નરકના દ્રશ્યો

**ગાંધીધામ/સિદ્ધપુર**

લવ જેહાદના નામે હિન્દુ દીકરીઓની જિંદગી સાથે ખેલ ખેલતી જિહાદી માનસિકતાનો વધુ એક ભયાનક અને હૃદયકંપાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના જોઈને કે સાંભળીને કોઈપણ સંવેદનશીલ માણસનું કાળજું કંપી ઊઠે. જે સોનમે પોતાના પરિવારનો વિરોધ કરીને પ્રેમ પર વિશ્વાસ મૂક્યો હતો, તેને મળ્યો તો માત્ર કાળજા કાંપી જાય તેવો અત્યાચાર અને કરુણ મોત! પોસ્ટમોર્ટમ



સમયના ફોટા અને વીડિયો જોઈને પથ્થર પણ રડી પડે તેવી ભયાનકતા આ પાપીએ આચરી છે.

મૂળ નેપાળની વતની સોનમ વર્ષો પહેલાં પોતાના પરિવાર સાથે સારા ભવિષ્ય અને રોજગારની શોધમાં કચ્છના ગાંધીધામ ખાતે આવી હતી. ૨૦૧૧માં ગાંધીધામમાં રહેતા સુલતાન સુમરા નામના નરાધમે તેને પોતાના બનાવટી પ્રેમની જાળમાં ફસાવી. પરિવારજનોએ સોનમને ખૂબ સમજાવી, આ સંબંધનો સખત વિરોધ કર્યો, પણ ઝેરી પ્રેમજાળમાં અંધ બનેલી સોનમે પરિવારની મરજી વિરુદ્ધ જઈને સુલતાન સાથે નિકાહ કરી લીધા.

લવ જેહાદના બનાવટી પ્રેમના ચહેરા પરથી મહોરું ઉતરતા વાર ન લાગી. નિકાહ થયા બાદ સોનમના જીવનમાં અત્યાચારનો દૌર શરૂ થયો. ૧૫ વર્ષના આ ગાળામાં સોનમે ૩ સંતાનોને જન્મ આપ્યો, પરંતુ સુલતાનની માનસિકતા બદલાઈ નહીં. સોનમને તેના પોતાના પિયર પક્ષ સાથે વાત કરવાની કે મળવાની સખત મનાઈ હતી.

## ગઢડા પોલીસે સજા વોરંટના નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો

**ભાવનગર, વિપુલ લુહાર**

ગઢડા પોલીસે ભરણપોષણના કેસમાં સજા વોરંટના આધારે છેલ્લા ઘણા સમયથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. આરોપીને 180 અને 240 દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી હતી. ભાવનગર રેન્જ આઈ.જી. રાજેન્દ્ર વી. અસારી અને બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માએ કોર્ટમાં સમયસર હાજર ન રહેતા આરોપીઓને શોધી કાઢવા તેમજ સજા વોરંટની ઝડપી બજવણી કરવા સખ્ત સૂચનાઓ આપી હતી. આ સૂચનાઓના પાલન અર્થે આ કાર્યવાહી કરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક મહર્ષિ રાવલના માર્ગદર્શન હેઠળ ગઢડા પોલીસ સ્ટેશનના PI કે.એન. ચોપરા અને PSI જે.આર. હેરમાં અને પોલીસ સ્ટાફના અશોકભાઈ રામજીભાઈ બાવળીયા, મહેન્દ્રભાઈ ખાચર,સુનિલભાઈ સોઢાતર દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી. પોલીસ સ્ટાફમાં અશોકભાઈ રામજીભાઈ બાવળીયા, મહેન્દ્રભાઈ



ખાચર અને સુનિલભાઈ સોઢાતરનો સમાવેશ થાય છે. આરોપી વિજયભાઈ ધનજીભાઈ ચાવડા, રહે. પડવદર ગામ, તા. ગઢડા, જિ. બોટાદ, ભુજ-કચ્છની પ્રિન્સિપાલ જજ, ફેમિલી કોર્ટના ફોજદારી પરચુરણ અરજી કેસ નં. 54/2024 અને 278/2025 માં વોન્ટેડ હતો. કેસ નં. 54/2024 માં, અરજદારના ભરણપોષણ માટે દર મહિને 6,000 લેખે કુલ 12 માસની 72,000 ની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેવા બદલ આરોપીને 04/02/2026 ના રોજ 180 દિવસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવવામાં આવ્યો હતો.તેવી જ રીતે, કેસ નં. 278/2025 માં, અરજદારના ભરણપોષણ માટે દર મહિને 6,000 લેખે કુલ 16 માસની 97,000 ની રકમ ન ચૂકવવા બદલ 04/02/2026 ના રોજ 240 દિવસની સાદી કેદની સજાનો હુકમ પણ ફરમાવવામાં આવ્યો હતો.

### મહુધાના અલીણામાં જમીન વિવાદનો ખૌફનાક ખેલ

## જીવલેણ હુમલો કરનાર 5 આરોપીઓને સાથે રાખી પોલીસે કરાવ્યું રિકન્સ્ટ્રક્શન!

ગુનેગારોની બોલતી બંધ: ઘટનાસ્થળે પાંચેય આરોપીઓની અકડ ઊતરી; ખેડા પોલીસનું સણસણતું ઓપરેશન!

**મહુધા/અલીણા**

કાયદાનો ડર શું હોય છે અને ગુનો આચર્યા પછી અસમાજિક તત્વોની હાલત કેવી થાય છે–એ દ્રશ્ય મહુધા તાલુકાના અલીણા ગામે જોવા મળ્યું. જમીનના વિવાદમાં અદાવત રાખીને એક નિર્દોષ પરિવાર કે વ્યક્તિ પર હિંસક અને જીવલેણ હુમલો કરનારા પાંચેય રીઢા આરોપીઓને પોલીસે ઝડપી પાડીને ઘટનાસ્થળે લાવી રિકન્સ્ટ્રક્શન કરાવ્યું છે.

મળતી માહિતી મુજબ, મહુધાના અલીણા ગામે જમીનની માલિકી કે તકરારને લઈને બોલાચાલી થયા બાદ મામલો વણસ્યો હતો. આરોપીઓએ



કાયદો હાથમાં લઈને તીક્ષ્ણ અને જીવલેણ હથિયારો વડે સામેવાળા પક્ષ પર દિલધડક અને લોહિયાળ હુમલો કરી દીધો હતો. હુમલો એટલો ખૌફનાક હતો કે આસપાસના વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. ગુનો આચર્યા બાદ આરોપીઓ ફરાર થઈ જવાની ફિરાકમાં હતા, પરંતુ પોલીસે ગણતરીના સમયમાં જ પાંચેય આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

ઝડપાયેલા પાંચેય આરોપીઓને સાથે રાખીને મહુધા પોલીસે અલીણા ગામના ઘટનાસ્થળે મોડી સાંજે/બપોરે રિકન્સ્ટ્રક્શન હાથ ધર્યું હતું. આરોપીઓએ ગુનાને કઈ રીતે અંજામ આપ્યો, હુમલામાં કયા હથિયારો વાપર્યા હતા અને કઈ દિશામાંથી હુમલો કર્યો હતો–એ તમામ બાબતોનું ઘટનાસ્થળે જ પ્રત્યક્ષ પુનરાવર્તન કરાવવામાં આવ્યું હતું. પોલીસના આ કડક વલણને જોઈને ગામમાં દાદાગીરી અને રોફ જમાવતા આરોપીઓની તમામ અકડ ઓગળી ગઈ હતી.

## સાતલપુરની ધારે નંદી પર અસામાજિક તત્વોનો કુહાડી વડે ઘાતકી હુમલો કરાયો



**માણાવદર, જીજ્ઞેશ પટેલ**

માણાવદરથી ૧૫ કિ.મી. દુર આવેલ સાતલપુરની ધારે એક અત્યંત અમાનવીય અને કમકમાટીભરી ઘટના સામે આવી છે. અહીં કોઈ અજ્ઞાત અસામાજિક તત્વો દ્વારા એક અબોલ નંદી મહારાજ પર કુહાડી વડે જીવલેણ અને ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો.

આ હુમલો એટલો ભયાનક હતો કે કુહાડી આખેઆખી નંદીના શરીરમાં ખૂંપી ગઈ હતી. ઘટનાને પગલે સમગ્ર પંથકના ગૌપ્રેમીઓ અને સ્થાનિક લોકોમાં ભારે અરેરાટી સાથે રોષની લાગણી વ્યાપી ગઈ છે.

આ ઘટના અંગે માણાવદર તાલુકાના ગૌરક્ષક પ્રમુખ લાખાભાઈ રાવલિયાને સાતલપુરની ધારેથી ફોન દ્વારા માહિતી મળી હતી કે એક નંદી લોહીલુહાણ હાલતમાં ઊભો છે અને તેના પાછળના ભાગમાં કુહાડી ખૂંપેલી છે. માહિતી મળતાની સાથે જ માણાવદર ગાયત્રી મંદિર ગૌશાળા ગ્રુપની ટીમ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ભારે જહેમત બાદ નંદી મહારાજનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું.



### AI કલાકારો માટે નથી, તે માત્ર કામને વધુ અસરકારક બનાવવાની સપોર્ટ સિસ્ટમ છે

# ડિઝાઇનિંગમાંઆર્ટિફિશિયલઇન્ટેલિજન્સના ઉપયોગ પર અભિનેત્રી સોનમ કપૂર નારાજ

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી સોનમ કપૂરે સોશિયલ મીડિયા પર ડિઝાઈનર્સ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધી રહેલા ઉપયોગ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. 19 જુલાઈ 2026 ના રોજ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક અભિપ્રાય શેર કરતા સોનમે જણાવ્યું કે, તે ડિઝાઈનર્સ દ્વારા વસ્તુઓ બનાવવા માટે AI ના ઉપયોગથી તદ્દન કંટાળી ગઈ છે. તેના મતે AI દ્વારા તૈયાર કરાયેલું બધું જ સરખું અને ખૂબ સસ્તું દેખાય છે. તેણે કલાકારોને વિનંતી કરતા ઉમેર્યું કે, AI કલાકારો માટે નથી, તે માત્ર કામને વધુ અસરકારક બનાવવાની સપોર્ટ સિસ્ટમ છે, આખી પ્રોડક્ટ તમારા વતી ક્રિએટ કરવા માટે નહીં. પિતરાઈ બહેનના લગ્નમાં ગ્લેમરસ લુક સોનમ કપૂરની આ પ્રતિક્રિયા તેની પિતરાઈ બહેન અંશુલા કપૂર અને રોહન ઠક્કરના લગ્ન સમારંભમાં તેના ગ્લેમરસ લુક બાદ આવી છે, જ્યાં તેણે ભારે આકર્ષણ જમાવ્યું હતું. અંશુલા અને રોહને 6 જુલાઈ 2026 ના રોજ એક ખાનગી સમારંભમાં લગ્ન કર્યા હતા. વ્યક્તિગત જીવનની વાત કરીએ તો, વર્ષ 2018 માં ઉદ્યોગપતિ આનંદ આહુજા સાથે લગ્ન કરનાર સોનમના ઘરે ઓગસ્ટ 2022 માં પ્રથમ પુત્ર વાયુનો જન્મ થયો હતો. ત્યારબાદ, 29 માર્ચે આ દંપતી બીજી વખત માતા-પિતા બન્યું છે અને તેમણે પોતાના નાના પુત્રનું નામ રુદ્રલોક કપૂર આહુજા રાખ્યું છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, સોનમ કપૂર છેલ્લે વર્ષ 2023 માં રિલીઝ થયેલી ક્રાઈમ-થ્રિલર ફિલ્મ “બ્લાઈન્ડ” માં જોવા મળી હતી, જે વર્ષ 2011 ની કોરિયન ફિલ્મની ઓફિશિયલ રિમેક હતી. આ ફિલ્મ દ્વારા સોનમે “ધ ઝોયા ફેક્ટર” પછી લગભગ 6 વર્ષના લાંબા વિરામ બાદ મોટા પડદા પર વાપસી કરી હતી. અહેવાલો અનુસાર, સોનમ કપૂર હવે જાણીતી લેખિકા અનુજા ચૌહાણની લોકપ્રિય નવલકથા ‘બેટલ ફોર બિટ્ટોરા’ પર આધારિત આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા માટે સંપૂર્ણ તૈયાર છે. બોલિવૂડ અભિનેત્રી સોનમ કપૂરે સોશિયલ મીડિયા પર ડિઝાઈનર્સ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના વધી રહેલા ઉપયોગ સામે આક્રોશ વ્યક્ત કર્યો છે. 19 જુલાઈ 2026 ના રોજ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક અભિપ્રાય શેર કરતા સોનમે જણાવ્યું કે, તે ડિઝાઈનર્સ દ્વારા વસ્તુઓ બનાવવા માટે AI ના ઉપયોગથી તદ્દન કંટાળી ગઈ છે.

**ઇન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક અભિપ્રાય શેર કરતા સોનમે જણાવ્યું હતુ**

# પ્રિયંકાએ પતિ સાથે સ્પેનમાં બર્થ ડે ઉજવ્યો

## નિક જોનસે યૉટનો વીડિયો શેર કર્યો, 8 વર્ષ પહેલા પ્રપોઝ કર્યાનો ફોટો શેર કર્યો

મેડ્રિડ

બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા 18 જુલાઈએ 44 વર્ષની થઈ ગઈ છે. તેના જન્મદિવસના એક દિવસ પછી પતિ અને સિંગર નિક જોનસે સોશિયલ મીડિયા પર એક ખાસ વીડિયો શેર કરીને તેને વિશ કર્યું છે. આ વીડિયોમાં પ્રિયંકા સ્પેનમાં એક યૉટ પર વેકેશન મનાવતી જોવા મળી રહી છે. આ ઉપરાંત, પ્રિયંકાના જન્મદિવસ પર તેની આગામી ફિલ્મ ’વારાણસી’માંથી તેનો પહેલો લુક પણ રિલીઝ કરવામાં આવ્યો છે. તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન નિક અને પ્રિયંકાએ તેમની લવ સ્ટોરી વિશે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, વર્ષ 2016માં બંનેની વાતચીત કેવી રીતે શરૂ થઈ હતી. સ્પેનમાં વેકેશન મનાવી રહી છે પ્રિયંકા નિક જોનસે રવિવારે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક શોર્ટ વીડિયો પોસ્ટ કર્યો. આ વીડિયો સ્પેનનો છે, જ્યાં બંને રજાઓ ગાળી રહ્યા છે. વીડિયોમાં એક સુંદર યૉટ દેખાઈ રહી છે, જેના પર પ્રિયંકા ચોપરા બિકીની પહેરીને કેમેરા સામે સ્મિત કરતા પોઝ આપી રહી છે. તેણે સનગ્લાસ અને માથા પર બેન્ડના બાંધ્યું છે. વીડિયોમાં પ્રિયંકા નિકને ફ્લાઈંગ કિસ આપતી જોવા મળી રહી છે. નિકે આ પોસ્ટના કેપ્શનમાં સ્પેનિશ ભાષામાં લખ્યું, ’ફેલિઝ કમ્પ્લેઆનોસ! મી અમોર’ એટલે કે ’જન્મદિવસ મુબારક, મારો પ્રેમ’. આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં તેણે એક ફ્લેમેંકો ગિટાર સોંગનો ઉપયોગ કર્યો છે. નિકે જણાવ્યું કે કેવી રીતે મોકલ્યો હતો પહેલો ડાયરેક્ટ મેસેજ તાજેતરમાં પ્રિયંકા ચોપરા તેના પતિના બેન્ડ ’જોનસ બ્રધર્સ’ના એક પોડકાસ્ટમાં સામેલ થઈ હતી. આ દરમિયાન નિકે યાદ કર્યું કે, તેણે પ્રિયંકાને ડેટ કરવાનું કેવી રીતે શરૂ કર્યું હતું.



# અર્જુન કપૂર સાથે લંડનમાં સ્પોટ થઈ મિસ્ટ્રી ગર્લ!

## "દરેક વસ્તુ પર વિશ્વાસ ન કરો" એમ લખી અફવાઓ ફગાવી દીધી

## ઇમ્તિયાઝ અલીની તકથી સાહિબાએ અભિનયમાં કરિયર શરૂ કર્યું

લંડન

બોલિવૂડ એક્ટર અર્જુન કપૂરનું નામ અવારનવાર કોઈ ને કોઈ સેલિબ્રિટી સાથે જોડાતું રહે છે. તાજેતરમાં જ અર્જુન કપૂર અને જાણીતી કન્ટેન્ટ ક્રિએટર તેમજ એક્ટ્રેસ સાહિબા બાલી ઈંગ્લેન્ડના પ્રખ્યાત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડમાં એકસાથે જોવા મળ્યા હતા. બંનેની આ તસવીરો ઈન્ટરનેટ પર આવતાની સાથે જ વાઈરલ થઈ ગઈ હતી. આ ફોટોઝ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર બંનેના રિલેશનશિપને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો હતો. જોકે, આ અફવાઓ પર અર્જુન કપૂર તરફથી હજી સુધી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી, પરંતુ સાહિબા બાલીએ આ અંગે મૌન તોડ્યું છે. સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ થઈ રહેલી તસવીરો સાથે એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે અર્જુન કપૂર અને સાહિબા બાલી એકબીજાને ડેટ કરી રહ્યા છે. આ અફવાઓ વચ્ચે સાહિબા બાલીએ પોતે ઈન્સ્ટાગ્રામ પર અર્જુન સાથેનો ફોટો શેર કરીને આ વાતોને ફગાવી દીધી છે. સાહિબાએ કેપ્શનમાં સ્પષ્ટ લખ્યું છે કે, ’દરેક વસ્તુ પર વિશ્વાસ ન કરો.’ આ પોસ્ટ દ્વારા તેણે અડધી રાતે ફેલાયેલી ડેટિંગની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. સાહિબા બાલીના અંગત જીવનની વાત કરીએ તો, તેનો જન્મ 5 ડિસેમ્બર, 1994ના રોજ એક કાશ્મીરી પરિવારમાં થયો હતો. ગ્લેમર વર્લ્ડ અને ફિલ્મો તરફ વળતા પહેલાં તેણે માર્કેટિંગ ક્ષેત્રે પોતાનું કરિયર બનાવ્યું હતું. સાહિબાએ દિલ્હી યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક્સમાં ગ્રેજ્યુએશન પૂરું કર્યું હતું અને ત્યારબાદ તે માસ્ટર્સના અભ્યાસ માટે લંડન ગઈ હતી. માર્કેટિંગ ફિલ્ડમાં સેટલ થયા પછી સાહિબાના જીવનમાં એક એવો ફોન કોલ આવ્યો, જેણે તેની કિસ્મત કાયમ માટે બદલી નાખી. સાહિબા બાલી સોશિયલ મીડિયા પર કન્ટેન્ટ ક્રિએટર તરીકે ખૂબ સક્રિય છે અને પોતાના વીડિયો બનાવે છે. તેના ડિજિટલ વીડિયો જોઈને પ્રખ્યાત ફિલ્મમેકર ઈમ્તિયાઝ અલી ખૂબ પ્રભાવિત થયા હતા અને તેમણે સાહિબાને ફોન કર્યો હતો.







# રામાયણમાં લક્ષ્મણ બનેલા રવિ દુબેને જોઈ રડી પડી પત્ની સરગુન મહેતા

## દિલ્હીમાં યોજાયેલી ઈવેન્ટનો એક ભાવુક વીડિયો વાયરલ થયો

નવી દિલ્હી

નિતેશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી આગામી મેગાબજેટ ફિલ્મ ’રામાયણ’ અત્યારથી જ ભારે ચર્ચામાં છે. રણબીર કપૂર સ્ટારર આ ફિલ્મના એક ખાસ દિલ્હી ઈવેન્ટ દરમિયાનનો એક અત્યંત ભાવુક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે. આ ઈવેન્ટમાં ફિલ્મમાં ભગવાન લક્ષ્મણનું પાત્ર ભજવી રહેલા જાણીતા અભિનેતા રવિ દુબેની પત્ની અને અભિનેત્રી સરગુન મહેતા પોતાના આંસુ રોકી શકી નહોતી અને કેમેરામાં રડતી કેદ થઈ હતી. સ્ક્રીન પર પતિ રવિ દુબેને જોઈને સરગુન થઈ ભાવુક દિલ્હીમાં આયોજિત આ ભવ્ય ઈવેન્ટમાં ફિલ્મના ફર્સ્ટ લુક અને પાત્રોની ઝલક કલાકારો અને તેમના પરિવારો સમક્ષ રજૂ કરવામાં આવી હોવાના અહેવાલ છે. જ્યારે સ્ક્રીન પર રવિ દુબેનો લક્ષ્મણ અવતાર સામે આવ્યો, ત્યારે પત્ની સરગુન મહેતા ગર્વ અને ખુશીના માર્યા અત્યંત ભાવુક થઈ ગઈ હતી અને તેની આંખોમાંથી આંસુ સરી પડ્યા હતા. આ ભાવનાત્મક ક્ષણનો વીડિયો અને ફોટા ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, જેને ફેન્સ ખૂબ જ પસંદ કરી રહ્યા છે. ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીના સૌથી લોકપ્રિય અને ટેલેન્ટેડ કલાકારોમાંના એક રવિ દુબે માટે નિતેશ તિવારીની ’રામાયણ’માં લક્ષ્મણનું પાત્ર મળવું એ એક મોટો માઈલસ્ટોન માનવામાં આવે છે. અહેવાલો અનુસાર, આ પૌરાણિક પાત્રને ન્યાય આપવા માટે રવિએ પોતાના લુક, બોડી લેન્ગ્વેજ અને ડાયલોગ ડિલિવરી પર મહિનાઓ સુધી સખત મહેનત કરી છે. જ્યારે કોઈ કલાકારની આવી કડી મહેનત આટલા મોટા પ્લેટફોર્મ પર રંગ લાવે, ત્યારે પરિવાર ભાવુક થાય તે સ્વાભાવિક છે, અને સરગુનના આંસુ તે વાતની સાક્ષી પૂરે છે. આ ફિલ્મમાં બોલિવૂડ સુપરસ્ટાર રણબીર કપૂર ભગવાન રામના મુખ્ય પાત્રમાં જોવા મળવાનો છે, જ્યારે દક્ષિણ ભારતીય સિનેમાની સ્ટાર સાઈ પલ્લવી માતા સીતાની ભૂમિકા ભજવી રહી છે. આ સિવાય સાઉથના સુપરસ્ટાર યશ પણ આ પ્રોજેક્ટ સાથે મહત્ત્વના પાત્રમાં જોડાયેલા હોવાની ચર્ચા છે. નિતેશ તિવારી આ ફિલ્મને અત્યાર સુધીની સૌથી ભવ્ય ભારતીય ફિલ્મ બનાવવા માટે પાણીની જેમ પૈસા વહાવી રહ્યા છે અને તેના વીએફએક્સ પર હોલીવૂડ સ્તરનું કામ ચાલી રહ્યું છે.

# શબાના આઝમી, મનોજ ઝા અને પ્રકાશ રાજે પાણી પીવડાવીને AISA નેતાઓની ભૂખ હડતાળ સમાપ્ત કરાવી

## વિદ્યાર્થી નેતા નેહા, અમીન અને મનીષ કુમારના ઉપવાસ સોમવારે સમાપ્ત થયા

મુંબઈ

દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP) વિદ્યાર્થીઓની માંગણીઓના સમર્થનમાં ઘણા દિવસોથી પ્રદર્શન કરી રહી છે. આજે તેમનો પ્રસ્તાવિત સંસદ માર્ચ છે. જંતર-મંતર પર છેલ્લા ત્રણ અઠવાડિયાથી ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થી નેતા નેહા, અમીન અને મનીષ કુમારના ઉપવાસ સોમવારે સમાપ્ત થયા. આ ત્રણેય ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) સાથે જોડાયેલા છે. એક્ટ્રેસ શબાના આઝમી, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના રાજ્યસભા સાંસદ મનોજ ઝા અને એક્ટર પ્રકાશ રાજે તેમને પાણી પીવડાવીને તેમના ઉપવાસ તોડાવ્યા. ટીવી એક્ટ્રેસ કવિતા કૌશિકે નવી દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો. તેમણે દિલ્હી પોલીસને અપીલ કરી કે પ્રદર્શનકારીઓ સાથે સંયમ અને માનવીય વ્યવહાર કરવામાં આવે. વીડિયોમાં કવિતાએ કહ્યું કે પોલીસકર્મીઓની પણ પોતાની ફેમિલી હોય છે અને તેમને યાદ રાખવું જોઈએ કે સામે ઉભેલા લોકો પણ દેશના નાગરિકો છે. તેમણે કહ્યું કે દરેક પરિવાર ઈચ્છે છે કે મેડિકલ ઈમરજન્સીના સમયે તેને એક યોગ્ય ડોક્ટર મળે.



## ફાઈનલમાં આર્જેન્ટિનાને 1-0થી હરાવ્યું, ફેરાન ટોરેસે એક્સ્ટ્રા ટાઈમમાં ગોલ ફટકાર્યો

# FIFA 2026: સ્પેને 16 વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડ કપ જીત્યો

મુંબઈ

સ્પેને 16 વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડ કપનું ટાઈટલ જીતી લીધું છે. ટીમે ન્યૂયોર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં 2022ની ચેમ્પિયન આર્જેન્ટિનાને 1-0થી હરાવ્યું. સ્પેન માટે એક્સ્ટ્રા ટાઈમમાં ફેરાન ટોરેસે ગોલ કર્યો. આ સાથે જ સ્પેને 2010 પછી બીજી વખત ટ્રોફી પોતાના નામે કરી, ત્યારે ટીમે નેધરલેન્ડ્સને 1-0થી હરાવ્યું હતું.



મેચની નિર્ધારિત 90 મિનિટ સુધી બંને ટીમ ગોલ કરી શકી નહોતી. પ્રથમ હાફમાં સ્પેનના લામિન યમાલ અને આર્જેન્ટિનાના કેપ્ટન લિઓનલ મેસ્સીને ગોલ કરવાની તકો મળી હતી, પરંતુ બંને તેનો ફાયદો ઉઠાવી શક્યા નહોતા. સમગ્ર મેચ દરમિયાન સ્પેને સતત એટેકિંગ રમત બતાવી હતી, જ્યારે આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે કેટલાક શાનદાર બચાવ કરીને ટીમને મેચમાં ટકાવી રાખી હતી. આર્જેન્ટિનાને 90+2મી મિનિટે મોટો ઝટકો લાગ્યો હતો. મિડફિલ્ડર એન્ઝો ફર્નાન્ડીઝે સ્પેનના ડિફેન્ડર પાઉ કુબાર્સી પર ટેકલ કર્યો, જેના પછી રેફરીએ તેને સીધું રેડ કાર્ડ બતાવ્યું. આ કારણે આર્જેન્ટિનાએ આખા એક્સ્ટ્રા ટાઈમમાં 10 ખેલાડીઓ સાથે રમવું પડ્યું હતું. સ્પેનના યુવા ખેલાડી લામિન યમાલે આખી મેચમાં આર્જેન્ટિનાના ડિફેન્સ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. બીજી તરફ મેસ્સીએ પણ ઘણી વખત સ્પેનના બોક્સમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ગોલ કરી શક્યો નહીં. [illegible] મિનિટે આર્જેન્ટિનાના લિસાન્દ્રો માર્ટિનેઝ અને બીજા હાફની 52મી મિનિટે લિએન્દ્રો પારેડેસને પણ યેલો કાર્ડ બતાવ્યું હતું. મેચની શરૂઆતથી જ સ્પેને બોલ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. પ્રથમ હાફમાં તેની પાસે 64% બોલ પઝેશન રહ્યું. ટીમે કેટલાય એટેક કર્યા. બીજી તરફ આર્જેન્ટિના પ્રથમ હાફમાં એક પણ શોટ લગાવી શક્યું નહીં. જોકે સ્પેનને કોઈ ગોલ મળ્યો નહોતો. બીજા હાફમાં પણ સ્પેને સતત દબાણ બનાવ્યું હતું. આર્જેન્ટિનાએ પોતાનું ડિફેન્સ મજબૂત રાખ્યું અને ગોલ થતો અટકાવ્યો. આનો સૌથી મોટો શ્રેય આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝને જાય છે, જેણે સતત શાનદાર બચાવ કર્યા. આ હાફમાં પણ ગોલ ન થયો અને મેચ એક્સ્ટ્રા ટાઈમમાં પહોંચી ગઈ. એક્સ્ટ્રા ટાઈમના પ્રથમ હાફમાં પણ સ્પેને પોતાનું આક્રમણ ચાલુ રાખ્યું.

## સ્પેન સામે હાર્યા બાદ રડી પડ્યો મેસી, ફાઈનલમાં ઐતિહાસિક રેકોર્ડ પણ બનાવ્યો

મેક્સિકો સિટી

ફિફા વર્લ્ડ કપ 2026ની રવિવારે (19મી જુલાઈ) ન્યૂ જર્સીના મેટલાઈફ સ્ટેડિયમ ખાતે રમાયેલી રોમાંચક ફાઈનલ મેચમાં સ્પેને ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને વધારાના સમયમાં 1-0થી હરાવીને પોતાનો બીજો ફિફા વર્લ્ડ કપ ખિતાબ જીતી લીધો છે. આ સાથે જ આર્જેન્ટિનાનું સતત બીજી વખત વર્લ્ડ કપ જીતવાનું સ્વપ્ન રોળાઈ ગયું હતું. મેચ સમાપ્ત થતાં જ સ્ટેડિયમમાં અત્યંત ભાવનાત્મક દ્રશ્યો સર્જાયા હતા. આર્જેન્ટિનાના 39 વર્ષીય દિગ્ગજ કેપ્ટન લિયોનેલ મેસી અંતિમ સીટી વાગતાની સાથે જ મેદાન પર ઘૂંટણિયે પડી ગયો હતો અને પોતાના આંસુ રોકી શક્યો નહોતો. સ્ટેડિયમમાં હાજર હજારો દર્શકોએ 'મેસ્સી મેસ્સી'ના નારા લગાવીને અને પ્લેકાર્ડ્સ લહેરાવીને પોતાના આ મહાન ખેલાડીને ભાવનાત્મક વિદાય આપી હતી. નિર્ધારિત 90 મિનિટ સુધી બંને ટીમો એકપણ ગોલ નોંધાવી શકી નહોતી, જેથી મેચ વધારાના સમયમાં પહોંચી હતી. વધારાના સમયમાં સ્પેનના સબસ્ટિટ્યુટ ખેલાડી ફેરન ટોરેસે રિબાઉન્ડ બોલ પર અદ્ભુત ગોલ કરીને સ્પેનને 1-0થી સરસાઈ અપાવી હતી. આ ગોલ જ મેચનો નિર્ણાયક ક્ષણ સાબિત થયો અને સ્પેને બીજી વખત વર્લ્ડ ટ્રોફી પર પોતાનો કબજો જમાવ્યો.

### રોહિત-કોહલીએ એકસાથે 400 ઈન્ટરનેશનલ મેચ

## લોર્ડ્સમાં રોહિતનો ધ 'હીટ-મેન' શો!: સદી ફટકારનાર પ્રથમ ભારતીય

કોલંબો

ઈંગ્લેન્ડે ત્રીજી વન-ડેમાં ભારતને 27 રનથી હરાવીને સિરીઝ 2-1થી જીતી લીધી. લોર્ડ્સમાં રમાયેલી મેચમાં રોહિત શર્માએ 138 રન બનાવ્યા. તે લોર્ડ્સમાં સદી ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો છે. રોહિતે ઈંગ્લેન્ડમાં આઠમી સદી ફટકારી. તે કોઈ વિદેશી ધરતી પર સૌથી વધુ સદી ફટકારનાર ખેલાડી પણ બન્યો. આ સાથે તે સદી ફટકારનાર સૌથી મોટી ઉંમરના ભારતીય ખેલાડી પણ બની ગયો. વિરાટ કોહલી અને રોહિત શર્માએ વન-ડેમાં 21મી વખત સદીની ભાગીદારી કરી. મેચમાં ઘણી રસપ્રદ મોમેન્ટ્સ પણ જોવા મળી. રોહિત, શાર્દૂલ ઠાકુરનું બેટ લઈને રમવા ઉતર્યા. તેની તસવીર વાઈરલ થઈ ગઈ.




વિરાટ-રોહિતે એકસાથે સૌથી વધુ ઈન્ટરનેશનલ મેચ રમવાનો ભારતીય રેકોર્ડ બનાવ્યો. એકસાથે 400 ઈન્ટરનેશનલ મેચ રમનારી આ પ્રથમ ભારતીય જોડી બની. બંનેએ ઈન્ટરનેશનલ રમતા ભાગીદારીમાં 8 હજારથી વધુ રન જોડ્યા છે. રોહિત અને કોહલીએ બીજી વિકેટ માટે 113 રન જોડ્યા. બંને વચ્ચે આ 21મી સદીની ભાગીદારી હતી. આ સાથે જ વન-ડેમાં સૌથી વધુ સદીની ભાગીદારી કરનારી આ બીજી જોડી બની ગઈ. તેમણે શ્રીલંકાના દિલશાન-સંગાકારાના 20 સદીના રેકોર્ડને પાછળ છોડ્યો. પ્રથમ સ્થાને સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીની જોડી છે. તેમની વચ્ચે વન-ડેમાં 26 સદીની ભાગીદારીઓ થઈ છે. રોહિત કોઈ એક વિદેશી ધરતી પર સૌથી વધુ વન-ડે સદી ફટકારનાર ખેલાડી બની ગયો છે.

## ઈંગ્લેન્ડે ભારતને 27 રનથી હરાવ્યું:સિરીઝ 2-1થી જીતી

### ઈંગ્લેન્ડે પહેલી બેટિંગ કરતા 50 ઓવરમાં 387/3 રન બનાવ્યા હતા

લંડન

ઈંગ્લેન્ડે ત્રીજી વન-ડેમાં ભારતને 27 રનથી હરાવીને ત્રણ મેચોની સિરીઝ 2-1થી પોતાના નામે કરી લીધી છે. લોર્ડ્સમાં ઈંગ્લેન્ડે પહેલી બેટિંગ કરતા 50 ઓવરમાં 387/3 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય ટીમ 50 ઓવરમાં 360 રન જ બનાવી શકી. રોહિત શર્માએ 138 રનની ઈનિંગ્સ રમી, પરંતુ તે જીત અપાવી શક્યો નહીં. 388 રનને ચેઝ કરતા ભારત માટે રોહિત શર્મા અને કેપ્ટન શુભમન ગિલે 147 રન જોડ્યા હતા. ગિલ 78 બોલમાં 77 રન બનાવીને આઉટ થયો. ત્યારબાદ રોહિતે વિરાટ કોહલી સાથે બીજી વિકેટ માટે 113 રનની ભાગીદારી કરી. રોહિતે




111 બોલમાં 138 રન બનાવ્યા. તેણે પોતાની ઈનિંગ્સમાં 17 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા. વિરાટ કોહલીએ ફિફ્ટી ફટકારી. તે 60 બોલમાં 74 રન બનાવીને આઉટ થયો. પોતાની ઈનિંગ્સમાં તેણે 4 ચોગ્ગા અને 3 સિક્સર ફટકારી હતી. આ પહેલાં ઈંગ્લેન્ડ માટે બેન ડકેટે 135 બોલમાં 141 રન બનાવ્યા હતા. જેકબ બેથેલે 91 રનની ઈનિંગ્સ રમી. બંનેએ પ્રથમ વિકેટ માટે 192 રન જોડ્યા હતા. બાદમાં જો રૂટ 74 અને જોસ બટલર 41 રન બનાવીને અણનમ પરત ફર્યા. બંનેએ છેલ્લી 19 બોલમાં 63 રન જોડીને ઈંગ્લેન્ડનો સ્કોર 387/3 સુધી પહોંચાડ્યો. ભારત સામે ઈંગ્લેન્ડનો આ સૌથી મોટો વન-ડે સ્કોર પણ છે. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ 2 વિકેટ ઝડપી, જ્યારે પ્રિન્સ યાદવને 1 સફળતા મળી. ભારતની સાતમી વિકેટ પડી ગઈ છે. અક્ષર પટેલ 2 રન બનાવીને આઉટ થયો. સેમ કરનના બોલ પર અક્ષરે સીધો મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ બેટના નીચેના ભાગે વાગીને હવામાં ઊંચો ગયો. વિલ જેક્સે લોંગ-ઓન પર તેમનો કેચ લીધો. સેમ કરનની આ મેચમાં ચોથી વિકેટ છે. ભારતની છઠ્ઠી વિકેટ પડી ગઈ છે. કેએલ રાહુલ 12 રન બનાવીને આઉટ થયો. જોફ્રા આર્ચરનો બોલ સહેજ અંદર આવ્યો અને રાહુલના બેટને થાપ આપીને ઓફ સ્ટમ્પ પર જઈ વાગ્યો. રાહુલે 8 બોલમાં 2 ચોગ્ગા ફટકાર્યા. ઈંગ્લેન્ડ હવે સિરીઝ જીતવાની નજીક પહોંચી ગયું છે. ભારતની પાંચમી વિકેટ પડી ગઈ છે. વિરાટ કોહલી 74 રન બનાવીને આઉટ થયો. સેમ કરનના શોર્ટ ઓફ લેન્થ બોલ પર કોહલી પુલ શોટ રમવાના પ્રયાસમાં બેટના ઉપરના ભાગે વાગ્યો અને કેચ આપી દીધો.



### નિફ્ટી પણ 96 પોઈન્ટ ઘટ્યો, પ્રાઈવેટ બેંક અને ઓટો શેર્સમાં વેચવાલી રહી

# સેન્સેક્સ 443 પોઈન્ટ ઘટીને 77,709 પર બંધ

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 20 જુલાઈએ ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 443 અંકના ઘટાડા સાથે 77,709 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 96 અંકનો ઘટાડો રહ્યો, તે 24,239 પર આવ્યો. આજના કારોબારમાં પ્રાઈવેટ બેંક, ઓટો અને IT શેરોમાં વધુ વેચવાલી રહી. જ્યારે સરકારી બેંક અને ફાર્મા શેર્સમાં વધુ ખરીદી રહી. વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ: અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધવાથી વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાયું છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો: બ્રેન્ટ ક્રૂડની કિંમત $90 પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગઈ. આનાથી ભારતના ઈમ્પોર્ટ બિલ અને




મોંઘવારી વધવાની ચિંતા વધી ગઈ છે. બેંકિંગ શેરોમાં ભારે વેચવાલી: પ્રથમ ક્વાર્ટર (Q1) ના પરિણામો પછી HDFC બેંક, એક્સિસ બેંક અને કોટક મહિન્દ્રા બેંક જેવા મોટા દિગ્ગજ શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. નબળા વૈશ્વિક સંકેતો: અમેરિકી બજારોમાં ઘટાડાની સાથે-સાથે એશિયન બજારો (જેમ કે જાપાનનો નિક્કી અને દક્ષિણ કોરિયાનો કોસ્પી) માં પણ વેચવાલી જોવા મળી છે. વિદેશી રોકાણકારોનું વેચાણ: વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) દ્વારા ભારતીય બજારોમાંથી સતત ભંડોળ પાછું ખેંચી લેવાને કારણે દબાણ રહ્યું. અમેરિકી બોન્ડ યીલ્ડમાં વધારો: અમેરિકી 10-વર્ષીય બોન્ડ યીલ્ડ વધવાથી રોકાણકારોનો ઝુકાવ સુરક્ષિત વિકલ્પો તરફ વધ્યો, જેનાથી બજાર પર વિપરીત અસર પડી. શુક્રવારે સેન્સેક્સ તેજી સાથે બંધ થયો હતો શુક્રવાર, 17 જુલાઈના રોજ, સેન્સેક્સ 964 પોઈન્ટના ઉછાળા સાથે 78,151ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 261 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જે 24,334 પર બંધ થયો હતો.

### એક અઠવાડિયામાં 16% વધ્યો; ભારતમાં મોંઘવારીનું જોખમ

## અમેરિકા-ઈરાન તણાવથી બ્રેન્ટ ક્રૂડ 90 ડોલર પાર: રૂપિયા-વિદેશી રોકાણ પર દબાણ

મુંબઈ

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ફરી એકવાર તેજી જોવા મળી રહી છે. અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ આજે 90 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે. તેલના વધતા ભાવે ભારતમાં મોંઘવારી અને એનર્જી શોકના જોખમને વધારી દીધું છે. આનાથી ભારતીય રૂપિયા અને વિદેશી પોર્ટફોલિયો રોકાણ (FPI) ના પ્રવાહ પર અસર થવાની સંભાવના છે. બીજી તરફ, ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી ભારતની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) ના રિટેલ ફ્યુઅલ માર્જિન પર ભારે દબાણ આવ્યું છે, જેના કારણે ડીઝલ પર કંપનીઓને પ્રતિ લિટર 20.4 રૂપિયાનું




નુકસાન થઈ રહ્યું છે. જોકે, રિફાઈનિંગ માર્જિનમાં ભારે ઉછાળાને કારણે કંપનીઓનો એકંદર નફો હાલ પૂરતો જળવાઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ 2.69 ડોલર (3.05%) વધીને 90.79 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું, જે 11 જૂન પછીનું સૌથી ઊંચું સ્તર છે. છેલ્લા એક સપ્તાહમાં બ્રેન્ટ ક્રૂડમાં 16%નો ઉછાળો આવ્યો છે, જે એપ્રિલ પછીના કોઈપણ એક સપ્તાહની સૌથી મોટી વૃદ્ધિ છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ 88.43 ડોલર પ્રતિ બેરલ અને અમેરિકી WTI ક્રૂડ 82.40 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું હતું. જ્યારે ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટ 81 ડોલર પ્રતિ બેરલ પર કારોબાર કરી રહ્યું છે. જીઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી. કે. વિજયકુમારે જણાવ્યું હતું કે, બજાર સામે હાલમાં ટૂંકા ગાળામાં ઘણા પડકારો છે. સૌથી મોટું દબાણ અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડનું 90 ડોલર પાર જવું છે. જો આ વલણ ચાલુ રહેશે, તો ભારતમાં એનર્જી શોકનો ખતરો ફરી ઊભો થશે.

### સતત ઘટાડા બાદ આખરે સોના-ચાંદીના ભાવમાં વધારો

# 10 ગ્રામ સોનું ₹1.42 લાખ પર અને 1 કિલો ચાંદીની કિંમત ₹2.19 લાખ પહોંચી

**કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે, સરકારનો હેતુ વિદેશી ખરીદી ઘટાડવાનો અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી રહેલા દબાણને ઘટાડવાનો છે**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આજે તેજી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 3,493 રૂપિયા વધીને 2,18,967 રૂપિયા પર પહોંચી ગઈ છે, જે શુક્રવારે 2,15,474 રૂપિયા પર હતી.

જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 756 રૂપિયા વધીને 1,41,915 રૂપિયા પહોંચ્યું છે. આ પહેલા 17 જુલાઈએ તે 1,41,159 પર હતું. સોનાના ભાવ આ મહિને 283 રૂપિયા વધ્યા છે, જ્યારે ચાંદીના ભાવમાં 6,463 રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. 1 જુલાઈએ સોનું 1,41,632 રૂપિયા પ્રતિ 10 ગ્રામ અને ચાંદી 2,25,430 રૂપિયા પ્રતિ કિલો હતી. જુદા જુદા શહેરોમાં સોનાના ભાવ અલગ હોવાના 4 કારણો પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થો: દક્ષિણ



ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ છૂટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતમાં વેચશે. કેન્દ્ર સરકારે સોના અને ચાંદીની આયાત પર લાગતી ડ્યુટી 6% થી વધારીને 15% કરી દીધી છે. સરકારનો હેતુ વિદેશી ખરીદી ઘટાડવાનો અને દેશના વિદેશી મુદ્રા ભંડાર પર પડી રહેલા દબાણને ઘટાડવાનો છે. અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે સરકારે આ નિર્ણય લીધો છે. સરકારે સોના પર 10% બેઝિક કસ્ટમ ડ્યુટી અને 5% એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ (AIDC) લગાવ્યો છે. આ રીતે કુલ અસરકારક ટેક્સ 15% થઈ ગયો છે. આ પહેલા 2024 ના બજેટમાં નાણા મંત્રી સીતારમણે ઈમ્પોર્ટ ડ્યુટી 15% થી ઘટાડીને 6% કરી હતી. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

## ઈક્વિટી પરથી LTCG ટેક્સ હટાવવાનો સરકારનો સ્પષ્ટ ઈનકાર

- **LTCG ટેક્સને કારણે લાંબા ગાળાના રોકાણને પ્રોત્સાહન મળતું નથી અને રોકાણકારોનું રિટર્ન ઘટે**

મુંબઈ

સરકારે લિસ્ટેડ ઈક્વિટી પર લાગતો લોંગ-ટર્મ કેપિટલ ગેઈન્સ (LTCG) ટેક્સ નાબૂદ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રિટેલ અને સ્થાનિક રોકાણકારો માટે આ ટેક્સ હટાવવાનો હાલમાં કોઈ પ્રસ્તાવ સરકારની વિચારણામાં નથી. રોકાણકારો અને માર્કેટ એક્સપર્ટ્સ તરફથી આ ટેક્સ પાછો ખેંચવાની વારંવાર માંગ કરવામાં આવી રહી હતી, કારણ કે, તેમનું માનવું છે કે, LTCG ટેક્સને કારણે લાંબા ગાળાના રોકાણને પ્રોત્સાહન મળતું નથી અને રોકાણકારોનું રિટર્ન ઘટે છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે, વાર્ષિક બજેટ પ્રક્રિયાના ભાગરૂપે માઈક્રો-ઈકોનોમિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટેક્સ નીતિઓની સમીક્ષા કરવામાં આવે છે, પરંતુ હાલ તેને નાબૂદ કરવાનો કોઈ નિર્ણય લેવાયો નથી. સરકારે આ નિર્ણય પાછળ ટેક્સમાંથી થતી આવકમાં થયેલા જંગી વધારાનો ઉલ્લેખ કર્યો છે. સંસદમાં રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, આકારણી વર્ષ (Assessment Year) 2025-26 માં ઈક્વિટી ટ્રાન્ઝેક્શન પર LTCG ટેક્સમાંથી કલેક્શન રૂ. 1,29,158 કરોડ પર પહોંચ્યું છે. અગાઉના વર્ષે આ કલેક્શન રૂ. 72,249 કરોડ હતું. આમ, ટેક્સ કલેક્શનમાં વાર્ષિક ધોરણે લગભગ 78% નો મોટો ઉછાળો જોવા મળ્યો છે.

### 'જબ જબ મોદી ડરતા હૈ, પોલીસ કો આગે કરતા હૈ'

# સોનમ વાંગચુકના સમર્થનમાં યુવાનો રસ્તે ઉતર્યા








અમદાવાદ

દિલ્હીના જંતર-મંતર ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં ચાલી રહેલા આંદોલનના પડઘા ગુજરાતમાં પણ જોવા મળ્યા છે. અમદાવાદમાં આજે 20 જુલાઈના યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ આંદોલનકારીઓ પાછળ લાકડીઓ લઈને દોડી હતી અને વિરોધ નોંધાવી રહેલી મહિલાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.

અમદાવાદના એમજે લાઈબ્રેરી બહાર પ્રદર્શનકારીઓએ 'મોદી હાય... હાય...' અને 'આઝાદી હમ લે કે રહેંગે' જેવા નારા પોકારતાં પરિસ્થિતિ વણસી હતી, જેના પગલે એક્શનમાં આવેલી પોલીસે વિરોધ કરનારાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી છે.

જ્યારે સુરતમાં કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં યુવાનો વિરોધ કરવા માટે એકત્રિત થયા છે. જૂનાગઢ અને ભાવનગરમાં પણ યુવાનોએ વિરોધ નોંધાવ્યો છે.

દિલ્હીમાં છેલ્લા ઘણા સમયથી NEET પેપર લીક મુદ્દે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. જ્યાં આ મુદ્દે સોનમ વાંગચુક ઉપવાસ પર બેઠા હતા, પરંતુ તેમની તબિયત લથડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. દિલ્હીમાં લાંબા સમયના વિરોધ છતાં હજી સુધી શિક્ષણમંત્રીનું રાજીનામું લેવામાં ન આવતા તેના જ આક્રોશ સ્વરૂપે ગુજરાતમાં આ વિરોધ પ્રદર્શનનું થઈ રહ્યા.

આ પ્રદર્શન દરમિયાન વાતાવરણ ત્યારે વધુ ગરમાયું જ્યારે અહિંસક આંદોલનકારી અને શિક્ષણવિદ સોનમ વાંગચુકના સમર્થનમાં બેનરો અને સૂત્રોચ્ચાર ગુંજી ઉઠ્યા. પોતાના ભવિષ્ય અને દેશના શિક્ષણ માટે ચિંતિત યુવાનોએ કેન્દ્રીય શિક્ષણ મંત્રીના તાત્કાલિક રાજીનામાની ઉગ્ર માગણી કરી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા નાગરિકોનો સીધો આરોપ છે કે વર્તમાન શિક્ષણ વ્યવસ્થા યુવાનોનું ભવિષ્ય સુધારવામાં તદ્દન નિષ્ફળ નીવડી છે અને સત્તાધીશો માત્ર દાવાઓ કરવામાં મસ્ત છે.

### પાક્કો ગુજરાતના ધાકડ અને તીખા સવાલો

1. પોતાના ભવિષ્ય માટે અવાજ ઉઠાવતા યુવાનો અને સોનમ વાંગચુક જેવા દેશહિત ઈચ્છતા લોકોનો વિરોધ સાંભળવાને બદલે સત્તાધીશો કેમ આંખ આડા કાન કરી રહ્યા છે?
2. શું ગુજરાતમાં શિક્ષણ સુધારવાની કે કેન્દ્રીય શિક્ષણ મંત્રીનું રાજીનામું માગવાની વાત કરવી એ ગુનો બની ગયું છે?
3. લોકશાહીમાં પ્રજાના વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છીનવીને સરકાર આખરે કયા પ્રકારનું શાસન ચલાવવા માગે છે?

## રામોલના દુષ્કર્મ અને પોક્સોના ગુનામાં છેલ્લા 2 વર્ષથી નાસતો ફરતો શાતિર આરોપી કુબડથલથી દબોચાયો!




અમદાવાદ

અમદાવાદ શહેરમાં માસૂમ બાળકીઓ પર અત્યાચાર આચરનારા અને કાયદાના સકંજામાંથી ભાગતા ફરતા નરાધમો સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આકરો પ્રહાર કર્યો છે. રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બાળકીના અપહરણ, બળાત્કાર અને પોક્સો (POCSO) એક્ટ જેવા ગંભીર ગુનામાં છેલ્લા બે વર્ષથી પોલીસને હાથતાળી આપતા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદના દસક્રોઈ તાલુકાના કુબડથલ ખાતેથી દબોચી લીધો છે.


ઘટનાની વિગત મુજબ, તા. ૧૦/૧૧/૨૦૨૪ થી તા. ૧૪/૧૧/૨૦૨૪ દરમિયાન રામોલ ગામ ખાતે આવેલ ચુનારાવાસમાં રહેતા ફરિયાદીની બહેન લત્તાબેન ચુનારાના ઘરેથી તેમની સાડા ચાર-પાંચ વર્ષની માસૂમ દીકરી રાધિકાનું અજાણ્યા શખ્સ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. કાયદેસરના વાલીપણામાંથી માસૂમ બાળકીને ઉપાડી જઈ તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

આ ચકચારી ઘટના અંગે રામોલ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૪૨૪૧૦૬૩/૨૦૨૪ હેઠળ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૧૩૭(૨), ૬૪(૨)(એમ), ૫૪, ૮૭ તથા પોક્સો એક્ટની કલમ ૩(એ), ૪, ૫(એલ), ૬ અને ૧૭ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ ગુનાના મુખ્ય આરોપી કૌશિકભાઈ કાળાભાઈ વાઘરી (દેવીપૂજક) ને ભોગ બનનાર માસૂમ બાળકીનું અપહરણ કરવામાં મદદગાર તરીકે મોહનભાઈ જ્ઞાનેશ્વરભાઈ દાંતાણીનું નામ બહાર આવ્યું હતું.

### ફાયર, AMC અને ઈલેક્ટ્રિક વિભાગને તપાસમાંથી મુક્ત કરીને કોને છાવરવાનો ખેલ

# અમદાવાદ મહાબ્લાસ્ટ કાંડ: પાપ અને પુરાવા ઉપર બુલડોઝર ફેરવી દેવાયું...!

- જે વિસ્તારમાં આ ગેરકાયદે ફેક્ટરી ધમધમતી હતી ત્યાં AMC ના એસ્ટેટ કે વોર્ડ ઇન્સ્પેક્ટર શું ઊંઘતા હતા?
- NOC વગર અને ફાયર સેફ્ટીના સાધનો વગર ચાલતા આ મૃત્યુના કારખાના સામે ફાયર વિભાગે ક્યારેય તપાસ કેમ ન કરી?



અમદાવાદ

અમદાવાદની ગેરકાયદેસર ફટાકડા ફેક્ટરીમાં થયેલા ભયાનક અને હૃદયકંપાવનારા બ્લાસ્ટ બાદ હવે સમગ્ર સરકારી તંત્ર પોતાની ઘોર નિષ્ફળતા છુપાવવા માટે ઉધામા મારી રહ્યું છે. નિર્દોષ લોકોના જીવ ગયા પછી અને આખો વિસ્તાર ધુમાડાના ગોટાથી ઘેરાઈ ગયા પછી જાગેલા તંત્રએ તાત્કાલિક ધોરણે એસ.આઈ.ટી. (SIT) ની રચના તો કરી દીધી છે, પરંતુ આ સમગ્ર તપાસ પ્રક્રિયા પર હવે ગંભીર આશંકાઓના વાદળો ઘેરાયા છે.

સૌથી ચોંકાવનારી અને શંકાસ્પદ બાબત એ છે કે આટલી મોટી દુર્ઘટનાની તપાસ માટે રચાયેલી SIT માંથી જેમના માથે સીધી જવાબદારી આવે છે તેવા ફાયર બ્રિગેડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને ઈલેક્ટ્રિક વિભાગની જ સંપૂર્ણ બાદબાકી કરી દેવામાં આવી છે! જે વિભાગોની મિલીભગત અને બેદરકારી વગર આ ગેરકાયદે ફેક્ટરી એક દિવસ પણ ચાલી શકે નહીં, તે જ વિભાગોને તપાસમાંથી બહાર રાખીને આખરે કયા મોટા ગજાના અધિકારીઓ અને રાજકીય આકાઓને બચાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે? ધડાકો શમ્યો નથી ત્યાં તો તંત્રએ ઉતાવળે ગેરકાયદે ફેક્ટરીના અવશેષો પર બુલડોઝર ફેરવી દીધું છે. સામાન્ય સંજોગોમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફરવું એ કડક કાર્યવાહી ગણાય, પરંતુ આ કિસ્સામાં પ્રજાના મનમાં અનેક સવાલો ઊભા થયા છે. બ્લાસ્ટ કઈ રીતે થયો, કેમિકલનો કેટલો જથ્થો હતો, અને કઈ કઈ ગેરરીતિઓ આચરવામાં આવી હતી તે તમામ ભૌતિક પુરાવાઓ (Physical Evidence) આ ઈમારતની અંદર જ હતા.

## કાગડાપીઠના શરીર સંબંધી અને ચોરીના ગુનામાં પાસાથી ભાગતા ફરતા અતિ શાતિર ગુનેગારને દબોચ્યો




અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગુનાખોરી આચરતા અને કાયદાને ખિસ્સામાં લઈને ફરતા અસામાજિક તત્વો સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબંધી અને ચોરીના ગંભીર ગુનાઓ આચરીને પોલીસને હાથતાળી આપતા પાસાના વોન્ટેડ આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડીને જેલના સળિયા પાછળ ધકેલવાની તૈયારી કરી લીધી છે. ઝડપાયેલા આરોપીની ઓળખ નાગજી અશોકભાઈ ઠાકોર (ઉંમર વર્ષ ૨૩, રહે. ઘર નં. ૭૪, અફઝલખાનનો ટેકરો, સારંગપુર, અમદાવાદ) તરીકે થઈ છે. આ આરોપી કાગડાપીઠ અને આસપાસના વિસ્તારોમાં ચોરીઓ કરવા તેમજ લોકો પર હુમલા અને મારમારી જેવા શરીર સંબંધી ગંભીર ગુના આચરવા માટે કુખ્યાત બન્યો હતો. આરોપીના સતત વધતા ગુનાહિત ઈતિહાસને ધ્યાને રાખીને અમદાવાદ શહેર પોલીસ કમિશનરે પાસા હેઠળ અટકાયતનો આકરો હુકમ કર્યો હતો. કચેરીના પાસા હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૪૧૦/૨૦૨૬ તા. ૨૬/૦૫/૨૦૨૬ થી આરોપીને રાજકોટ મધ્યસ્થ જેલમાં ધકેલવાનો આદેશ કરવામાં આવ્યો હતો. પરંતુ શાતિર નાગજી ઠાકોર પાસાની બજવણીથી બચવા માટે સતત પોલીસથી ભાગતો ફરતો હતો અને ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. આરોપી સતત સ્થળ બદલીને પોલીસને ચકમો આપી રહ્યો હતો, પરંતુ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ચોક્કસ બાતમી અને ટેકનિકલ એનાલિસિસના આધારે આ પાસા વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે.

### અમદાવાદ તોલમાપ વિભાગની મોટી કામગીરી

# 1 વર્ષમાં 772 વેપારીઓ સામે કેસ, દંડ અને ફી પેટે કરોડોની કમાણી..

652 વજનમાપ અને 120 PCR કેસ નોંધાયા, જેમાં કુલ રૂ. 21,79,400 દંડ વસૂલ કરાયો, આ માહિતી મદદનીશ નિયંત્રક એચ. એ. ઠક્કરે આપી હતી



| પ્રોસીક્યુશન કેસો | |
|---|---|
| વજનમાપ | 652 |
| પીસીઆર | 120 |
| માંડવાળ ફી | |
| વજનમાપ ફી | 10,97,400 |
| પીસીઆર ફી | 10,82,000 |
| ટોટલ | |
| કુલ કેસ | 772 |
| કુલ માંડવાળ ફી | 21,79,400 |

અમદાવાદ

અમદાવાદના તોલમાપ વિભાગ દ્વારા 1 વર્ષમાં 772 વેપારીઓ સામે કેસ અને દંડ પેટે કરોડોની ફી વસૂલવામાં આવી છે. અમદાવાદમાં કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા વિભાગે જૂન-2025થી 2026 દરમિયાન અમલીકરણ અને ચકાસણીની કામગીરી દરમિયાન કુલ રૂ. 5,05,22,554ની ચકાસણી મુદ્રાંકન ફી વસૂલ કરી છે. આ માહિતી કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા કચેરી, અમદાવાદ મદદનીશ નિયંત્રક એચ. એ. ઠક્કર દ્વારા આપી જાહેર કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન તોલમાપ વિભાગે કુલ 772 કેસ નોંધ્યા હતા. જેમાં વજનમાપના 652 કેસ અને પીસીઆરના 120 કેસ નોંધાયા છે.

કેસોની કાર્યવાહી અંતર્ગત વજનમાપ સંબંધિત કેસોમાં રૂ. 10,97,400 અને પીસીઆર સંબંધિત કેસોમાં રૂ.10,82,000 મળી કુલ રૂ.21,79,400નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. વિભાગ દ્વારા કરવામાં આવતી ચકાસણીની કામગીરી વેપારમાં પારદર્શિતા, માપદંડોની ચોકસાઈ અને ગ્રાહકોના અધિકારોના સંરક્ષણ માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

## AMCનો જુનિયર ક્લાર્ક માત્ર ₹2,000ની લાંચ લેતા ઝડપાયો, ACBએ છટકું ગોઠવી રંગેહાથ પકડ્યો!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)માં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ કડક કાર્યવાહી કરીને વધુ એક ભ્રષ્ટ કર્મચારીનો પર્દાફાશ કર્યો છે. નાગરિકોના રોજિંદા વહીવટી કામકાજ અર્થે આવતા સામાન્ય લોકો પાસે લાંચ માગતા સરકારી અધિકારીઓ પર ACBએ લાલ આંખ કરી છે. AMCની કચેરીમાં ફરજ બજાવતો જુનિયર ક્લાર્ક પોતાના ટેબલ પરનું કામ આગળ વધારવા માટે માત્ર 2,000ની લાંચ સ્વીકારતા જ ACBની ટીમના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો છે.

મળતી વિગતો અનુસાર, ફરિયાદી નાગરિકને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પોતાના કામકાજ અન્વયે ક્લાર્ક પાસે જવાનું થયું હતું. પરંતુ નિયમ મુજબ કામ કરી આપવાના બદલે સંબંધિત જુનિયર ક્લાર્કે પોતાના પદ અને સત્તાનો દુરુપયોગ કરીને કાયદેસરની ન હોય તેવી 2,000ની ગેરકાયદેસર રકમની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચની રકમ આપવા માગતા ન હોવાથી તેમણે તુરંત જ એન્ટી કરપ્શન બ્યુરો (ACB)નો સંપર્ક કર્યો હતો અને સમગ્ર મામલે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACBના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક એક સ્પેશિયલ ટીમની રચના કરવામાં આવી હતી.

### ઘુમા-શેલા-બોપલમાં ભયનો માહોલ

# અમદાવાદના ઘુમાની પોશ સોસાયટીમાં દીપડો ઘૂસ્યો : વનવિભાગે પાંજરા મૂક્યા




અમદાવાદ

ગ્રામ્ય વિસ્તાર બાદ હવે અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં પણ દીપડાએ દેખા દીધી છે. ગઈકાલે(19 જુલાઈ) મોડી રાત્રે શરણદીપ સોસાયટીના એક બંગ્લોઝમાં કોટ કૂદીને દીપડો ઘૂસ્યો હતો. બાદમાં સોસાયટીના કૂતરા દીપડાની પાછળ દોડ્યા હતા. દીપડાની દહેશતથી સ્થાનિકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

દીપડાની એન્ટ્રીથી ઘુમા-શેલા-બોપલમાં ડરનો માહોલ જોવા મળ્યો છે. વનવિભાગે પાંજરા મૂક્યા છે. સાથે જ વનવિભાગે સાંજના સમયે બહાર ન નીકળવા સૂચના આપી છે.

મળતી માહિતી મુજબ શહેરના છેવાડાના વિસ્તાર ઘુમા ગામથી શેલા તરફ જવાના રોડ ઉપર આવેલી શરણદીપ સોસાયટીમાં મોડી રાત્રે 1:50 વાગ્યા બાદ દીપડો દેખાયો હતો. સોસાયટીનો કોટ કૂદી દીપડો સોસાયટીમાં આવ્યો હતો. એક યુવતી ગાડી લઈને ત્યાંથી પસાર થતી હતી તેણે પણ આ દીપડાને ત્યાંથી જતા જોયો હતો. સોસાયટીમાં દીપડાના પંજાના નિશાન પણ મળી આવ્યા હોવાનું હાલ જાણવા મળ્યું છે. સ્થાનિકોએ આ મામલે મેયર હિતેશ બારોટને જાણ કરી હતી, જેથી તેઓ સવારે શરણદીપ સોસાયટીમાં પહોંચી ગયા હતા. તેમની સાથે વનવિભાગ તેમજ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. હાલમાં દીપડાને પાંજરે પૂરવા માટે ટીમ કામે લાગી છે. સામાન્ય રીતે દીપડો-સિંહ જેવા જંગલી પશુઓ જંગલ વિસ્તારની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં જ જોવા મળતા હોય છે, પણ આ વખતે પહેલીવાર દીપડો અમદાવાદના પોશ વિસ્તાર ઘુમામાં જોવા મળ્યો છે, તેમાં પણ તે એક બંગ્લોઝની સોસાયટીમાં ઘૂસી ગયો છે. જ્યાં દીપડો ઘૂસી ગયો તે શરણદીપ સોસાયટીની વાત કરીએ તો તે બોપલ-ઘુમાના VIP રોડ પર આવેલી છે. આ સોસાયટીથી થોડા અંતરે જ ઔડા ઓડિટોરિયમ અને ક્લબ O7 આવેલા છે, સાથે જ VIP રોડ પર પણ ખૂબજ ચહલપહલ જોવા મળે છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI